2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૨૦

વર્ષ – ૧ ● અંક –૬૬ ● સળંગ અંક – ૬૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ–૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

નાંગલપુરના પોપટલાલ કુરીયા (ઉ. ૬૩) હાર્ટફેલથી અવસાન પામેલ છે. મા. સુંદરબેન શામજી નરશીના સુપુત્ર. કલ્પનાના પતિ. રોહનના પિતા. દિવ્યાના સસરા. સિધ્ધિના દાદા. હેમલતા, નેમચંદ, પ્રવિણ, રમણીક, ભરત, ધીરજના ભાઈ. રામાણીયાના (બચુભાઈ) પ્રેમજી શીવજીના સાલ. ભાનુ, મંજુલા, વાસંતીના દિયર. કલ્પના, વર્ષાના જેઠ. ખીમજી, રતનશી, ખેરાજ, રામજી, જેતબાઈ, ખેતબાઈ, લક્ષ્મીબેન, હીરબાઈ, મણીબેનના ભત્રીજા. તલવાણાના ગંગાબાઈ મુરજી આસારીયાના દોહીત્ર. લાલજી, ઠાકરશી, શામજીના ભાણેજ. નાની ખાખરના વેજબાઈ ભાણબાઈ દામજી હીરજીના પૌત્રીવર. નાની ખાખરના ઝવેરબેન નેમજીના જમાઈ. દિના, સુનીલ, કુસુમના બનેવી. કુમુદના નણંદોઈ. લાખાપુરના ગાગજી શીવજી, કોડાયના કીરીટ રામજીના સાઢુ. નાંગલપુરના લક્ષ્મીબેન મેઘજી ગેલાના દોહીત્રીવર. જતીન, કેકીન, ચેતન, ગૌરવ, સોહીલ, નયના, ડિમ્પલ, કેતકી, સેજલ, ખુશ્બુ, કિંજલના કાકા. સંજય, સંગીતા, નીના ના મામા. પુનમ, ગુંજન, અર્પિતના કુઆ. કેતકી, ભક્તિ, ઋષભ, સાગર, ફોરમના માસા. માપરના વિજયા શશીકાંતના વેવાઈ. પ્રા. મંગળ, તા. ૧૯-૬-૧૮, ૨ થી ૩.૩૦. સ્થ. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સંઘ સં. કરસન લધુ હોલ, દાદર (વે.) નિ. ૩૦, તુલસી ભુવન, ૨જે માળે, આર.એચ.બી. રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. ફોન : ૯૮૨૧૭૦૭૦૨૮.

1/1/1 -------- (1-5)

વડાલાના પ્રેમજી માલશી ધરોડ ઉ. ૭૦ માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી કેસરબેન માલશી ઉમરશી ધરોડના પુત્ર. મણીના પતિ. હીના, મનીષાના પિતા. મણી, સ્વ. ઝવેર (પુષ્પા), જયંતીના ભાઈ. નીરૂપાના જેઠ. ફેનીલ, પ્રિયંકાના બાપા. સ્નેહા, કૃણાલ, કાંક્ષા, નમ્રના નાના. રાધાબાઈ જખુ, ખેતબાઈ મોરારજી, મોંઘીબાઈ હીરજી મુરજીના ભત્રીજા. દેશલપુર કલ્યાણજી દામજી છેડા, વાંકી પોપટલાલ ગાંગજી નંદુના સાલ. મુંબઈ સ્વ. મહેશ આનંદ કાંબળે ગોધરા વિપુલ હીરજી વોરાના સસરા. મોખા જીવાબાઈ પુનશીના દોહીત્ર. સ્વ. ગંગાબાઈ ખીમજી, સ્વ. ઝવેર-પુષ્પા શ્રી નાગજીના ભાણેજ. મો. ખાખર ભાનુબાઈ પાસુ મણશીના જમાઈ. લક્ષ્મીના નણંદોઈ. તલકશી, ઝવેર, વિમળા, કુસુમના બનેવી. ના. તુંબડી દેવજી નથુ, સાડાઉ દામજી હીરજી, વશનજી હરશીના સાઢુ. કોડાય કેશવજી હીરાના દોહીત્રી વર. મુંબઈ આશા આનંદ કાંબળે, ગોધરા લક્ષ્મીબેન હીરજી વોરાના વેવાઈ. ધીરેન, રોહીત, સચીન, રીતેશ, ભાવિકાના મામા. હેમા, વિપુલ, રમીલા, સ્વ. જયેશ, ભારતી, હરેશ, હેતલ, રોશનીના માસા. વિમલ, ધનજીના કુઆ. ગોધરાના ડો. ભુપેન્દ્ર વોરાના ભાઈ તુલ્ય. **પ્રા. રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેશો નહીં. ઠે. વિપુલ વોરા, ૬-ઉદય બિ., યોગાશ્રમ રોડ, પ્રભાત કોલોની, સાંતાકુઝ (ઈ.), મું. ૫૫. ફો. ૨૬૧૭૨૬૫૬, ૯૮૩૩૬૨૧૫૫૫.

1/1/1 -------- (1-5)

મોખાના માતુશ્રી વિમળાબેન હીરજી ભેદા ઉ.વ. ૭૭, તા. ૧૫-૬-૧૮ના અવસાન પામેલ છે. માતુશ્રી સ્વ. રાણબાઈ કેશવજી રાયશી ભેદાના પુત્રવધુ. સ્વ. હીરજી કેશવજીના ધર્મપત્ની. મહેન્દ્ર, હંસા, અલ્પા, સ્વ. રાજેશના માતાજી. શાંતિબેન, લક્ષ્મી, જામનગરના દિનેશ નાથાલાલ, પત્રીના ગીરીશ દેવજીના સાસુ. મેહુલ, અક્ષય, પાર્થ, અંશ, ખુશીના દાદીમા. હર્ષ, રાજ, રાજના નાનીમા. બગડાના સ્વ. માતુશ્રી. દેવકાબેન પ્રેમજી વોરાની પુત્રી. સ્વ. વશનજી, સ્વ. કેશવજી, લુણીના સ્વ. મણીબેન મેઘજી, મોખાના સ્વ. લક્ષ્મીબેન કેશવજીના બેન. નિર્મળા, ચંદ્રીકાના નણંદ. મોખાના સ્વ. જેઠાલાલ કેશવજી, મગનલાલ કેશવજી, વાંકીના સ્વ. નાનબાઈ ઘેલાભાઈ, વડાલાના ભમીબેન દેવજીના ભાઈના ઘરેથી. સ્વ. હીરબાઈ, સ્વ. મણીબાઈના દેરાણી. વાંકીના સ્વ. ઘેલા તેજા, વડાલાના સ્વ. દેવજી ખેતશીના સાલના ઘરેથી. ચીમન, ધીરજ, નિર્મળા, પ્રવિણ, મધુ, શાંતિ, જયેશના કાકી. ભાણબાઈ, સાકરબાઈ, નિર્મળા, દામજી, માવજી, મુરજી, રતીલાલ, વસંત, શાંતિ, અમૃત, રેખાના મામી. વૈઝાગના સ્વ. સત્યવતી વેદાંતી ઘંટી, મુંબઈના સેવંતી સુરેશ ઉતેકર, જામનગરના મણીબાઈ નાથાલાલ હરીયા, પત્રીના લક્ષ્મીબેન દેવજી સાવલાના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. મહેન્દ્ર ભેદા, ૯/૨, સંઘર્ષ, ૨જી રાબોડી, થાણા (વે.) ૪૦૦૬૦૧. મો. ૮૭૧૨૨૨૭૧૯૪.

1/1/1 -------- (1-5)

ટોડાના મણીબેન (લક્ષ્મીબેન) દામજી તેજપાર સોની ઉ.વ. ૮૭, તા. ૧૬-૬-૧૮ના અવસાન પામેલ છે. વેલબાઈ તેજપાર નથુના પુત્રવધુ. દામજીના ધર્મપત્ની. નિર્મળા, રતન, મંજુલા, શાંતિ, ભરતના માતુશ્રી. ગેલડા વશનજી ઠાકરશી, બિદડા કિશોર તેજશી, કપાયા નવિન પ્રેમજી, નીતા, મીનલના સાસુજી. રૂષભ, પ્રિયલના દાદી. ચેતના, અનિલ, રાજેશ, જુગલ, ઝેની, રૂપલ, શૈલીના નાની. સાડાઉ નેમચંદ ડુંગરશી, બગડા મિતુલ ધીરજલાલ, વરાડીયા હેમાંગ મણીકાંત, પ્રતાપુર ભાવિત તલકશી, ભાવના, વંદના, જીજ્ઞાના નાની સાસુ. શામજી, ભોરારા કુંવરબાઈ શામજી, ભુજપુર ચોથીબાઈ રવજી, પ્રાગપુર નાનબાઈ શામજીના ભાઈ પત્ની. સુંદરબાઈના દેરાણી. મોરારજીના કાકી. ગેલડા ગંગાબાઈ વેરશી લાલજી, પ્રાગપુર લાછબાઈ ગોવિંદજી કેશવજીના પુત્રી. મોહનલાલ, લક્ષ્મીચંદ, વેલજી, કુંવરજી, શાંતિલાલ, જાદવજી, ચુનીલાલ, રમણીક, મંજુલા, ભાનુ, વસુમતી, નયના, આશા, પાનબાઈના બેન. હેમલતા, રેખા, કેસરબેન, હીરબાઈ, પ્રભાબેન, સાકરબેન, વિમળાબેન, ઉષાબેનના નણંદ. ગેલડા રતનબેન ઠાકરશી, બિદડા ભાણબાઈ તેજશી, કપાયા લક્ષ્મીબાઈ પ્રેમજી, બારોઈ સાકરબાઈ ભવાનજી, મુંબઈ સુનીતાબેન પ્રભાકરના વેવાણ. **પ્રાર્થના સભા રાખેલ નથી.** નિ. ભરત સોની, ડી-૨૦૧, પ્રણયનગર, રામમંદિર રોડ, Ext. વજીરાનાકા, બોરીવલી (વે.), મું. ૯૧.

1/1/1 -------- (1-5)

કોડાગરાના વિજયાબેન (વેજબાઈ) મગનલાલ દેઢીયા ઉ. ૮૮, તા. ૧૬-૬ના અવસાન પામેલ છે. માતુશ્રી લાછબાઈ, સાકરબાઈ ધનજી વાઘજીના પુત્રવધુ. સ્વ. મગનલાલના પત્ની. ચીમન, કિશોર (ગોપ), ખુશાલ, પ્રતિમા (બેબી)ના માતૃશ્રી. લતા કદમ, અજેશ ચંદ્રકાંત પાસડ, ડો. ચારૂ સુરેન્દ્ર વીરાના માતા તુલ્ય. કોકીલા, મીના, નયના, નાના ભાડીયા નવિન હીરજીના સાસુ. માનસી, ખુશાલી, અવની, ભક્તિ, નેહા, જીલના દાદી. નીલના મોટા દાદી. અંકુર, કરનના નાની. કિયાનના મોટા નાની. પૂજાના નાની સાસુ. વીઢ જય રમેશ, શેરડી વિરેન મહેન્દ્ર, ભરૂચના મીહીર હેમંતભાઈના મોટા સાસુ. બાબુલાલના ભાઈના ઘરેથી. પોપટ, ભુજપુર ઝવેર (કસ્તુર) હીરજી, હેમકુંવર, મુન્દ્રા ભાનુ પ્રવિણ, છોટાલાલ, ધીરજના ભાભી. જખીબાઈના દેરાણી. લક્ષ્મી, રંજનના જેઠાણી. કાંડાગરા પાનબાઈ ખીમજીના પુત્રી. દેશલપુર ઉમરબાઈ રતનશી, ભુજપુર હેમલતા ભવાનજી, શામજી, રાઘવજી, અમૃતલાલના બેન. મણીબાઈ, લક્ષ્મીબેનના નણંદ. નાના ભાડીયા હેમલતાબેન લખમશી ગણાશી, વીઢ સુંદરબેન ગોવિંદજી શીવજી, બારોઈ કસ્તુરબેન ખીમજી મોણશી, નાના ભાડીયા કંકુબેન હીરજી વાલજીના વેવાણ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. ઠે. ખુશાલ દેઢીયા, ૪૧૫/૨૦, વીર સાવરકર માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૨૫. મોબા. ૯૮૧૯૨૨૦૬૦૬.

1/1/1 -------- (1-5)

।। નેત્રદાન માટે મૃત્યુબાદ તુરત સંપર્ક કરો ।।
સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬

ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એન્ડ વર્કર્સ વેલફેર સોસાયટીના સર્વ સભ્યો જોગ

ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એન્ડ વર્કર્સ વેલફેર સોસાયટીની સ્કીમમાં જોડાયેલ સભ્યો તેમનો ચાલુ વર્ષનો ફાળો અને લવાજમ ભરી ગયા છે. અને લોન વિગેરેનો લાભ મળ્યો નથી તેવા સહસ્ત્રધારા સ્કીમના સભ્યોને રૂા. ૨૫૦૦૦/- ૬% (ટકા) પ્રમાણે તથા લક્ષ્ધારા સ્કીમના સભ્યોને લોન રૂા. ૧,૦૦,૦૦૦/- ૬% (ટકા) પ્રમાણે આપવાની ભલામણ ગુરૂવાર, તા. ૨૧/૦૬/૨૦૧૮ના રોજ સંસ્થાની ઓફિસમાં મળનાર કારોબારીની મિટીંગમાં હાથ ધરવામાં આવશે. તો સભ્યોને બપોરના ૪.૦૦ (ચાર) વાગે હાજર રહેવા વિનંતી. ભલામણ ક્રમનુસાર હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી. લિ. ભરત મેઘજી ગાલા, જયેશ પ્રેમજી ગડા,મોનીલ સુરેશ ગોગરી માનદ્ મંત્રીઓ.

2/1/1(8) -------- (A-7552)(2-8)

શ્રી પત્રી સેનેટોરીયમ

શ્રી પત્રી સચ્ચા માતાજી શાંતિધામ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મઠાંબાઈ હીરજી ભારમલ ગોગરી અને માતુશ્રી પાનબાઈ પાસુ વેરશી ધરોડ સેવાધામમાં ચાતુર્માસ નિમિત્તે ઓગષ્ટ, સપ્ટેમ્બર મહીનામાં જુજ નાના બ્લોકો ખાલી છે તો વહેલો તે પહેલોનાં ધોરણે ડીપોઝીટ ભરી રજાચીઠ્ઠી લઈ લેવા વિનંતી. લિ. ટ્રસ્ટીઓ.

1/1/1(31) -------- (A-7607)(1-5)

શ્રી અજરામર સ્થા. જૈન સંઘ : ડોંબીવલી

પૂ. ગીતાજી મહાસતીજીની ૧૩૮મી 'અઠ્ઠાઈનું પારણું' સ્થા. છ કોટી જૈન લીં.અ.સં. ના ગચ્છાધિપતિ પૂ. આ.ભ.શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પૂ. ગીતાજી મ.સ.જીની ૧૩૮મી અઠ્ઠાઈમાં આજે ૭મો ઉપવાસ છે. શાતા સારી છે. સકળ સંઘને ધર્મલાભ પાઠવ્યા છે. (હાલે ચોટીલામાં બિરાજમાન છે)

● તેમનું પારણું : તા. ૨૧-૬ને ગુરૂવારના 'ડોળીયા તીર્થ' મધ્યે થશે. લાભ લેવા વિનંતી.

● જાપ + લકી ડ્રો : અજરામર ઉપાશ્રયમાં: દાદા ગુરૂ અજરામરજી સ્વામીના ૨૬૫માં જન્મ દિવસ નિમિત્તે : ૨૧ જુનને ગુરૂવારના ઉપાશ્રયમાં (૯.૩૦ થી ૧૦.૩૦ સુધી) દાદા ગુરૂના જાપ સાથે લકી ડ્રો રાખવામાં આવેલ છે. તા.ક. : જાપ કરાવવા પૂ. વિદ્યુતપ્રભાજી મ.સ.જી. તથા પૂ. મલય કુમારી મ.સ.જી. ઠા. ૨ નવનીતનગરથી તા. ૨૦-૬ને બુધવારના પધારશે. સારી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

● સંપર્ક : સંઘ પ્રમુખ : ટ્રસ્ટી શ્રી કાંતિલાલ ગણાશી ગડા-મો. ૯૮૨૦૪૨૫૧૫૯.

● લિ. ટ્રસ્ટી ચાંપશી દેવશી નંદુ (ભચાઉ), ડી.ટી. નિસર (ભચાઉ), કાંતિલાલ ગણાશી ગડા (ગુંદાલા), નવિનચંદ્ર વીરજી છેડા (રતાડીયા) તથા કમીટીના સભ્યો.

1/1/1(45) -------- (A-7627)(1-5)

'શ્રી ડેપા આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ' ! ચાતુર્માસ દિપાવવા અંગે મીટીંગ !

સુજ્ઞશ્રી ડેપા ગામવાસીઓ જોગ,

● આપણાં પ્રબળ પુણ્યોદયે - પૂ. આચાર્ય સાહેબશ્રી સુરજી સ્વામી તથા પદવીધર મ.સ.જી. પૂ. નીતાબાઈ સ્વામીની અસીમ કૃપાએ - આપણાં શ્રી સંઘને (૧) મહાસતીજી દેવકીબાઈ સ્વામી (૨) મ.સ.જી. તારાબાઈ સ્વામી-૧ (૩) મ.સ.જી. મીનાબાઈ સ્વામી (૪) મ.સ.જી. દુલારીબાઈ સ્વામી ઠાણા ૪નું અમુલ્ય ચાતુર્માસ પ્રાપ્ત થતાં આનંદ-મંગલ વર્તાઈ રહ્યો છે. પૂજ્યશ્રી તા. ૭-૭-૨૦૧૮આસપાસ પધારવાના ભાવ છે.

● ચાતુર્માસના સુચારૂ આયોજન સાથે ધર્મકરણીથી દિપાવવા સંબંધી શ્રી સંઘની એક જનરલ મીટીંગ-મિલન ગુરૂવાર, તા. ૨૧-૬-૨૦૧૮ના (બપોરે : ૨.૩૦ વાગે) શ્રીમતી શાંતાબેન દામજીભાઈ એંકરવાલા આરાધના ગૃહ, સીવીક સેન્ટર, દાદર (ઈ.) મધ્યે રાખવામાં આવેલ છે. સર્વે ભાઈ-બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપવા આગ્રહભરી વિનંતી.

● સ્થાનિકે સેનેટોરીયમ-સાત્વીક ભોજન (ભોજનશાળા) ની સુવિધા ઉપલબ્ધ છે. અન્ય જરૂરી સગવડો મળી રહેશે. સમગ્ર ચાતુર્માસ દરમ્યાન મહત્તમ સમય સ્થાનિકે ફાળવવા અત્યારથી જ આયોજન કરવા નમ્ર અનુરોધ. લિ. સંઘપતિશ્રીના જય જિનેન્દ્ર.

● વધુ માહીતી માટે સંપર્ક :

● શ્રી ધીરજભાઈ લખમશી રાંભીયા-મો. ૯૮૧૯૯૪૧૭૬૦.

● શ્રી લાલજી (બાબુભાઈ) વેરશી સાવલા-મો. ૯૩૨૨૯૭૭૯૮.

1/1/1(40) -------- (A-7616)(1-5)

મહિલા સંસ્થા સમાચાર

કચ્છી મહિલા ફેડરેશન સં. જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહિલા મેડીકલ ફંડ

મહિલાઓને ઓપરેશન, દવાઓ માટે સહાય આપવામાં આવે છે ફોર્મ + રૂબરૂ મુલાકાત મો.: ૮૧૦૪૫૯૬૫૪૦ દર બુધવારે ૪ થી ૬માં સંસ્થાની ઓફિસે C/o મેડિકલ સહાય કન્વીનર :ભારતીબેન નવીન ગંગર, પ્રભાસ્મૃતિ બિ., ગ્રા. ફ્લોર, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં, માટુંગા મધ્યે થશે.

● નીચેના સ્થળોએ ફોર્મ ઉપલબ્ધ છે. ડોંબિવલી (ઈ.), હેમાબેન સાવલા (ટા. ૧૦ થી ૧૨)પારસમણી જૈન દેરાસર, તિલક રોડ, નાલાસોપારા (ઈ.), સરલા સંગોઈ (ટા. ૪ પછી) ૧૨, મોહન નિવાસ, તુર્લીજ રોડ, સાયન (વે.), જ્યોતિ સાવલા, નીલપરી એડ (ટા. ૯ થી ૧) ૭/૧૬૦, કમલકુંજ બિ., જૈન સોસાયટી, મસ્જીદ બંદર, મિલન મસાલા (ટા. ૧ થી ૭) ૩૧, કેશવજી નાઈક રોડ

● લેટેસ્ટ પ્રીસ્ક્રીપ્શન લાવવું. લિ. મહિલા મેડીકલ ફંડ મુખ્ય કમિટી.

2/1/1(9) -------- (A-7562)(2-6)

બાડા સહિયર વૃંદ ૩૦ જુન શનિવાર + ટપોરી ગેમ શો

મુન્ના : અરે સર્કીટ !! તુને સુના, બાડા સહીયર વૃંદમે ક્યા હોનેવાલા હૈ ?

● સર્કીટ : બોલે તો !! ક્યા હોનેવાલા હૈ ભાઈ ??

● મુન્ના : અરે !! સબ ટપોરી લોગ કા પાર્ટી હૈ. ગેમ ખેલેંગે, ગીફ્ટ દેંગે, મસ્તી કરેંગે, ડાંસ કરેંગે, ખાના ભી ખીલાયેંગે, ટપોરી ગેટ અપ મેં રેડી હોકે જાના હૈ.

● સર્કીટ : વાહ ભાઈ, પાર્ટી કબ ઔર કહાં હૈ ?

● મુન્ના : ૩૦ જુન કો વેલબાઈ સભાગૃહ માટુંગા મેં ૨.૩૦ બજે...ચલ...ચલ...ચલતે હં. 'ટપોરી ગેમ શો' મેં.

● વાર્ષિક સામાન્ય સભા બાદ 'ટપોરી ગેમ શો' નું આયોજન કર્યું છે. દરેકે થીમને અનુરૂપ તૈયાર થઈને આવવાનું છે. મેમ્બર માટે ફ્રી. આઈ કાર્ડ લાવવું જરૂરી. ગામના નોન મેમ્બર માટે ૧૦૦ રૂા. વાર્ષિક મેમ્બરશીપ ૩૦ જુન સુધી જ લેવામાં આવશે. જાહેરાત સૌજન્ય : મણીરાજ સોલીટેર મંગલબાપા પરીવાર. લિ. મંત્રીઓ.

1/1/1(39) -------- (A-7617)(1-5)

રોક N રોલ લેડીઝ ગ્રુપ (૪થો) ડોંબીવલી – ડોંબીવલી હાઉઝી : ૧લો પ્રોગ્રામ

સમાજની સર્વ જાતીની બહેનો માટે આપણાં પોતાના એરીયામાં આપણી સખીઓ સાથે કાંઈક નવા ગ્રુપમાં મેમ્બર બનીએ. તા. ૧૯-૬ મંગળવાર આજે બપોરે ૨.૩૦ વાગે રોટરી ક્લબ સુવિધિનાથ દેરાસરની બાજુમાં ૧ વર્ષની મેમ્બરશીપ રૂા. ૧૨૦૦ ગેસ્ટ ચાર્જ રૂા. ૨૦૦ દર મહીને ૩જા વીકમાં ૩ હાઉઝી રમશું હાઉઝીના ઈનામો રોકડા + સરપ્રાઈઝ + ચા + નાસ્તો હશે. ચાના સ્પોન્સર : ગણેશ ચા વાળા (માતૃશ્રી મણીબેન રામજી ગાલા ગામ : દેવપુર) નાસ્તો સ્પોન્સર : મુક્તિ ઈન્સોરન્સ, કન્સલટન્ટ પ્રજ્ઞાબેન નાગડા (ચાંગડાઈ) આજે આવનાર ન્યુ મેમ્બરને નામ લખાવવા જરૂરી. વધુ વિગત માટે રીટા મારૂ-૯૮૧૯૯૩૮૯૭૭, ૮૭૭૯૭૯૮૫૦૬.

1/1/1(66) -------- (B-7655)(1-5)

'મારૂતિ સુઝુકી'

મારૂતી સુઝુકી ગાડીની ખરીદી અને વેચાણ માટે NEXA શો રૂમ (ગોડ બંદર રોડ) થાણા (વેસ્ટ) સંપર્ક : દીપ મારૂ (હાલાપુર) મો. ૯૯૨૦૩૩૩૪૧૦.

1/1/1(63) -------- (B-7646)(1-5)

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજન એવં

શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘના ઉપક્રમે... લાભાર્થી પરિવારના સહયોગે થઈ રહેલા દક્ષિણ મુંબઈમાં મંથલી નવકાર મંત્ર જાપ પ્રસંગે જાહેર આમંત્રણ...

પધારો....વિનંતી અવધારો...અમ સંઘગૃહે પધારો...

અદશ્ય કૃપા : શાસન સમ્રાટ-અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ કૃપા : તપયકવર્તી-અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

આશિષ કૃપા : સાહિત્યસમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. • પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્ર સાગરસૂરીશ્વરજી મ.સા. • પ.પૂ.આ.ભ.શ્રી વિરભદ્ર સાગરસૂરીશ્વરજી મ.સા. • પ.પૂ.આ.ભ. શ્રી મહોદય સાગરસૂરીશ્વરજી મ.સા.

: બાર મહિનાના નવકારજાપના ધન્યપ્રસંગોનો પ્રેરણાદાત્રી :

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞા શ્રમણીગણ મુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યારત્ન વર્ધમાનતપ પ્રભાવિકા પ્રવર્તિની પ.પૂ. સાધ્વી શ્રી અરૂણોદયશ્રીજી મ.સા

જય નવકાર.... તને નમસ્કાર... સાચો સહારો છે નવકાર

શુભ દિન : શુભ ઘડી, સ્થળ

તા. ૨૪-૦૬-૨૦૧૮, સવારના ૭.૩૦ કલાકે શ્રીમતી અમૃતબેન મોનજી સભાગૃહ, ૧લે માળે, શ્રી ક.વિ.ઓ.દે. જૈન મહાજનવાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

:: નવકારમંત્ર જાપ તથા નવકારશીના લાભાર્થી ::

શ્રીમતી વિમળાબેન દેવચંદ ખીમજી મોતા-ગામ : દેવપુર (ગ્રાન્ટ રોડ)

હ. પુત્રવધુ : દિપા કિરણ દેવચંદ મોતા

પૌત્ર : દિયાંશ, પૌત્રી : શ્રીશા

સુપુત્રી : કોમલ સરલ બરલોતા • દોહીત્રી : માન્યા સરલ બરલોતા

નવકાર મંત્ર જાપ બાદ નવકારશીની વ્યવસ્થા રાખેલ છે.

સંગીતની સરગમ : શ્રી જયંતભાઇ રાહીના ધર્મ પુત્ર સમાન યુવા વિધિકાર શ્રી હર્ષભાઇ દેઢિયાના સથવારે...

સાધર્મિક ભક્તિના પાસ પ્રથમ બે મણકા સુધી પ્રવેશ લેનારને જ આપવામાં આવશે. તેની ખાસ નોંધ લેશો.

(❖)

લી. મંત્રીઓ

શ્રી ક.વિ.ઓ. લેડી. ગ્રેજ્યુએટસ, એસોસીએશન Quiz Contest

ધોરણ ૫ થી ૭ તથા ધોરણ ૮ થી ૯ માટે ઉપરોક્ત સંસ્થા દ્વારા "Quiz Contest" નું આયોજન કરેલ છે. આપણે બધા આજનાં જેટ યુગના જમાનામાં બાળકોનો વિકાસ તથા પ્રગતિ જલ્દી થાય એમ ઈચ્છીએ છીએ. સૌને સફળતાની આકાંક્ષા છે આ બધું પ્રાપ્ત કરવા બાળકો 'ક્વીઝ કોન્ટેસ્ટ'માં ભાગ લે એ અનિવાર્ય છે. ઈનામ મળે કે ન મળે ભાગ લેવાથી બાળકની સ્ટેજ ફીયર નીકળી જશે. અને બાળકમાં કોન્ફીડન્સ આવશે. જે ભવિષ્યની પ્રગતિ માટે ખૂબ જ જરૂરી છે. સૌ હોંશિયાર વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નોના જવાબ આપી ઈનામ મેળવવા તૈયાર થઈ જજો.

● ક્વીઝ કોન્ટેસ્ટ સંચાલન : શ્રીમતી રૂપા ગડા અને શ્રી અમન ફેમવાલા

● શનિવાર તા. ૨૧ જુલાઈ બપોરે ૩.૩૦ વાગે ચિંચપોકલી મહાજનવાડીના હોલમાં વોલ્ટાસઘરની સામે

● પ્રથમ ઈનામ રૂા. ૧૫૦૦/- દ્વિતિય ઈનામ રૂા. ૧૦૦૦/- તૃતિય ઈનામ રૂા. ૭૫૦/-

● તદઉપરાંત વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ અને ઓડિયન્સ માટે પણ ઈનામોની વણજાર.

● વધુ વિગત અને નામ નોંધાવવા સંપર્ક : ડો. મંજુલા શાહ- ૨૩૫૩૯૭૮૧ (૨) શ્રીમતી ચંદ્રિકા નાગડા : ૯૩૨૩૪૯૧૯૧૯. લિ. મંત્રીઓ.

2/1/1(6) -------- (A-7581)(1-5)

પ્રોપર્ટી માટુંગામાં

૩ બેડ, ૧૧૦૦ કારપેટ, ૨ કાર પાર્કિંગ, હાયર ફ્લોર, ૩ લીફ્ટ થોડા સમયમાં પઝેશન રસ ધરાવનાર જ સંપર્ક કરે. કોન્ટેક્ટ મનોજ મારૂ-૮૮૫૦૬૦૩૬૬૮. (તમારી વિગત એડ્રેસ સાથે લખાવો)

1/1/1(81) -------- (B-7710)(1-5)

શ્રી બારોઈ આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ચાતુર્માસના વધામણાં

પૂ. આચાર્ય શ્રી સુરજી સ્વામી અને પદવીધર મહાસતી નીનાબાઈ સ્વામીની અસીમ કૃપાથી અને ગામના પુણ્યોદયે આ વર્ષે શ્રી બારોઈ સંઘને મ.સ. હેમપ્રભાબાઈ સ્વામી, મ.સ. મેઘબાઈ સ્વામી, મ.સ. કસ્તુરબાઈ સ્વામી, મ.સ. નિર્મળાબાઈ સ્વામી (૨), મ.સ. રીટાબાઈ સ્વામી મ.સ. દર્શનાબાઈ સ્વામીનું ચાતુર્માસ મળેલ છે. સંઘને આંગણે આવેલા આ દિવ્ય અવસરને દિપાવવા ધર્મની આરાધના કરવા શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાઓ તેમજ નિયાણી બહેનો વધુને વધુ સંખ્યામાં સ્થાનિકે પધારી લાભ લેવા શ્રી બારોઈ સંઘનું ભાવભર્યું આમંત્રણ. લિ. સંઘપતિ.

1/1/1(2) -------- (A-7654)(1-5)

મહાવીર ટુર્સ

ડેશીંગ – દુબઈ 7n - 8d ફિક્સ ડિપાર્ચર. 22nd Octo-2018, 2nd, 6th, 12th Nov-2018, 7th, 14th, 21st, 27 Dec 2018. ૩ સ્ટાર હોટેલ, ભરપુર સાઈટ સીન બધા જ ભોજન સાથે અકલ્પનીય ભાવમાં (બેસ્ટ ગેરેન્ટી રેટસ) સ્પેશીયલ ડિસ્કાઉન્ટ ઓન ગ્રુપ બુકીંગ. બુકીંગ પુર જોશમાં ચાલુ. વધુ વિગત જાણવા આજે જ સંપર્ક કરો. (U.S.A. Visa Specialist) સંપર્ક : હેરીન વસંત સાવલા (નાંગલપુર) 9833007856, 9769827616. ઓફિસ – 022-28698107.

1/1/1(70) -------- (B-7664)(1-5)

લાલવાડીમાં પૂ. ગુરૂવર્યો પધાર્યા તારણહાર ૯૦મી ઓળીના પારણાનો અવસર મનોહાર

દાદા સુવિધિનાથની મીઠી મહેરથી આપણાં શ્રી સંઘમાં પરમ વિદુષી પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા વ્યવહાર કુશલા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ધ્વજા પ્રસંગે પધારતાં શ્રી સંઘમાં આનંદ છવાયો છે. એમાં સોનામાં સુગંધ ભળે તેમ સાધ્વી મુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ. લક્ષગુણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૯૦ મી ઓળીના પારણાનો લાભ આપણાં શ્રી સંઘને પ્રાપ્ત થયેલ છે. તપધર્મની અનુમોદનાર્થે તા. ૨૧-૬ના સમૂહ આયંબીલ તથા સવારના ૯.૩૦ કલાકે સમુહ સામાયિક સહ આરાધના કરાવવામાં આવશે.

● ભાગ્યશાળીઓ ! અનુમોદનાનો અવસર અણમોલો પધારશો તો લાભ મેળવશો મહામુલો.

● તા.ક. : સમૂહ સામાયિક દરમ્યાન તા. ૨૪-૬ના થનાર અઢાર અભિષેકના લક્કી ડ્રો કરવામાં આવશે. લિ. લાલડવાડી ધર્મપુરી જૈન સંઘ.

1/1/1(73) -------- (A-7677)(1-5)

પૂ. જિતેન્દ્ર મુનિ મંગળ/બુધ મહાવીર ધામ

કચ્છ કેસરી પૂ.આ.પૂનમચંદ્રજી મ.સા.ના શિષ્ય શાસન પ્રભાવક-જીવદયા પ્રેમી, એકલવીર, પુ. ગુરૂદેવ જિતેન્દ્ર મુનિ બોરીવલીથી ગુજરાત તરફ વિહારયાત્રા શરૂ કરતા શ્રી મહાવીર જીવદયા મંડળના ઘણાં યુવકો પિયુષપાણી સુધી મુકવા આવ્યા. વિહાર યાત્રામાં જોડીયા સાહેબના વિહારો પૂ.આ.પૂનમ ગુરૂદેવની દિવ્ય કૃપાથી ખુબ જ શાતાપુર્વક થાય છે. તા. ૧૯/૨૦ બે દિવસ મહાવીર ધામ રોકાશે. દર્શન લાભ લેવા વિનંતી. તા. ૨૧ને ગુરૂવારના વાગડ ગુરૂકુળમાં બિરાજશે. બાદ હાયવે માર્ગે આગળ પ્રયાણ દર્શનાર્થે પધારો. ત્યારે ફોન કરી એડ્રેસ મેળવી આવવું. વરસાદનો સમય છે. વિહારોમાં ફેરફાર થવાનો સંભવ. વિશેષ માહીતી માટે ફોન : ૯૧૬૭૧૪૧૨૬૩. રમેશ. જય હો પૂ.આ.પુનમ ગુરૂદેવનો. લિ. ગુરૂભક્તો.

1/1/1(62) -------- (A-7644)(1-5)

શ્રી મુલુંડ ચેકનાકા વાગલે એસ્ટેટ અચલગચ્છ જૈન સંઘ

મુંબઈ કી ઔર બઢતે કદમ પધારો...ગુરૂદેવ..વેલકમ. સુધી ભગવંતોની કૃપા એ અધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. છેલ્લા ત્રણ મહીનાથી થાણા જિલ્લામાં વિચરણ કરી ધર્મ પ્રભાવના કરતા ૨૦ જુને મુંબઈ મહાનગર પાલિકાની સીમામાં પ્રવેશ કરી સૌ પ્રથમ ચેકનાકા સંઘમાં પધારશે. સવારે ૮ થી ૯ ભાઈ-બહેનો માટે અને રાત્રે ૯ થી ૧૦ ભાઈઓ માટે પ્રવચન રાખેલ છે. પૂજ્યશ્રીની મુલુંડ ચેકનાકા સંઘમાં ૨ દિવસની સ્થિરતા રહેશે. તો મુલુંડ વેસ્ટ + ઈસ્ટના તમામ શ્રાવક શ્રાવિકાઓને ચેકનાકા પૂજ્યશ્રીના દર્શન-વંદન-પ્રવચનમાં પધારવાનું સપ્રેમ આમંત્રણ છે. અહીંથી ૨૨ જુને સવારે પગપાળા ચૈત્ય પરીપાટી રૂપે સકળ શ્રી સંઘ સહિત ભાંડુપ નગરે પધારશે તો વિશાળ સંખ્યામાં પદયાત્રામાં જોડાવવા માટે નિમંત્રણ. વેલકમ ગુરૂદેવ...વંદન ગુરૂદેવ. લિ. મંત્રીઓ. ચેતન ધનજી વિસરીયા (ભોજાય), હિતેન્દ્ર કુંવરજી ગાલા (નાના આસંબીયા).

1/1/1(5) -------- (A-7666)(1-5)

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

સંચાલિત

લોનાવલા આરોગ્યધામ

મહાજનશ્રીની સંચાલિત શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી (સહયોગી દાતાશ્રી લાલજી વેલજી એંકરવાલા) આરોગ્યધામ લોનાવલા અને માતુશ્રી ઉમરબાઇ લાલજી વેલજી એંકરવાલા આરોગ્યધામ લોનાવલાના બ્લોક/બંગલાના ઓગસ્ટ માસના વપરાશ માટે લાભ લેવા ઇચ્છુક વ્યક્તિઓએ અરજી સાથે ડીપોજીટની રકમ **શનિવાર, તા. ૩૦/૬/૧૮** સુધીમાં ભરી જવા વિનંતી. ઓગસ્ટની અરજીના મુદા નીચે લખ્યા મુજબ છે.

તા. ૩.૮.૧૮ થી ૮.૮.૧૮
તા. ૧૦.૮.૧૮ થી ૧૫.૮.૧૮
તા. ૧૭.૮.૧૮ થી ૨૨.૮.૧૮
તા. ૨૪.૮.૧૮. થી ૨૯.૮.૧૮

નોંધ : અરજદારે રેશન કાર્ડ, આધાર કાર્ડ, પેનકાર્ડની ઝેરોક્ષ અને અરજદારના બેંક ખાતાનો કેન્સલ ચેક આપવો જરૂરી રહેશે.

લિ.

C.A. કેતન દામજી સૈયા, અનિલ ગોવિંદજી ગંગર
C.A. વિજ્ઞેશ શીવજી ભેદા, માનદ્ મંત્રીઓ

''વોશીંગ મશીન/માઇક્રોવેવ બગડ્યું ?''
''બોલાવો અમિતને''

દરેક કંપનીના ટોપ લોડીંગ વોશિંગ મશીન તથા માઇક્રોવેવ રીપેર કરી આપશું. સંપર્ક : અમિત તલક સાવલા-તુંબડીવાલા. ફોન : ૯૮૧૯૧૫૫૦૨૫, ૯૩૨૦૭૮૨૦૦૩. (વીઝીટ ચાર્જ ૩૦૦/-)

1/1/1(51) -------- **(B-7619)(3-13)**

'મારબલ/ગ્રેનાઇટ માટે જુના-જાણીતાં'
! પદમપ્રભુ ગ્રેનાઇટ & મારબલ !
(જુનું નામ : ગણપતિ મારબલ)

● આપણે ત્યાં Asian કું. નાં કંપોઝીટ મારબલ અને ક્વાર્ટઝ વિશાળ-લેટેસ્ટ રેન્જમાં : પ્રમાણીક માર્ગદર્શન સાથે રીઝનેબલ ભાવે પ્રાપ્ત થશે. એકવાર રૂબરૂ આવીને જરૂર નિહાળો.

● 'પદમપ્રભુ ગ્રેનાઇટ & મારબલ્સ' C/o વિ. ટ્રાન્સ કંપાઉન્ડ, સુરેન રોડ, અંધેરી (ઇ.) મો. ૯૮૨૦૧૨૫૯૨૮ પરેશ અમૃતલાલ વેલજી છેડા (કોડાય)

1/1/1(67) -------- **(B-7658)(23-2)**

ચાલો પંજાબ જોવાલાયક ઐતિહાસીક સ્થળો

સાથે જૈન મંદિરો, અંબાલા, સરહિંદ, ચંદિગઢ, સમણા, માલેર, કોરબા, લુધીયાણા, કુપકલાન, નકોદર, જીરા, પટ્ટી, અમૃતસર સુવર્ણ મંદીર, ઝલીયાંવાલા બાગ, વાઘાબોર્ડર, અટારી, કપુરથલા, જલધંર, હોસીયારપુર, કાંગળા, જવાલાદેવી, ધર્મશાલા, પઠાનકોટ, વગેરે બધા જ જૈનો આવકાર્ય. સાથે તા. ૧૬ સપ્ટેમ્બર થી ૨૫સપ્ટેમ્બર ૨૦૧૮ (૧૦ દિવસ.) વધુ વિગત માટે સંપર્ક : નરેન્દ્ર વોરા : 7045529841, પંકજ વિસરીયા : 9769931962. શ્રી અંધેરી કચ્છી જૈન યુવક સંઘ આયોજીત અને સાવલા લોડાયા સંચાલીત. લી. મંત્રીઓ.

2/1/1(74) -------- **(A-7678)(1-5)**

વા, સંધિવા, ઘુંટણના દુઃખાવા, સાયટિકા અત્યંત અકસીર ઉપાય

વેરશીભાઇ છેડા (ગામ રવ -કચ્છ) : મને ૪ વર્ષથી પગ, ઘુંટણમાં સખત દુઃખાવો હતો. સીડી ચડવા, ઉતરવા, ચાલવા, બેસવામાં ખુબજ તકલીફ, પરેશાની થતી હતી. પછી આ ઉપાય કરાવી ખરેખર મને થોડા દિવસોમાં મારા દુઃખાવામાં એકદમ સારૂ થઇ ગયું, તેથી મેં આ ઉપાય ૫૦૦થી વધારે લોકોને કરાવ્યો તથા ૧૦ થી ૧૨ મહાસતીજી, મહારાજ સાહેબોને, સુવર્ણાબાઇ મ.સ., પ્રગતિબાઇ મ.સ., જીતેન્દ્રમુની-કચ્છ આઠ કોટિ જેવા અનેકોને આ ઉપાયથી ખૂબ જ સારૂ થયું છે. (વેરશીભાઇ : 9323936569) હજારોને આ ઉપાયથી સારૂ થયું છે. વા, સંધિવા, ઘૂંટણના ખભાના, એડીના, મૂઢમારના, સ્પોન્ડિલાઇસીસ, સાયટીકા વગેરે પર અત્યંત અકસીરમાં અકસીર ઉપાય કરો. ખાતરી કરી જુઓ. ડો. રમેશભાઇ : 9892784249.

3/1/1(61) -------- **(N-7643)(14-8)**

વન - ડે - પિકનીક / રેસ્ટોરંટ વાઉચર

વોટર પાર્ક તેમજ રીસોર્ટમાં મોટા ગ્રુપો માટે સ્પે. રેટ, એક્સક્લુઝીવ સર્વિસ સાથે સ્થળ જોવાની ખાસ વ્યવસ્થા એ.સી. કારમાં તદન ફ્રી. રેસ્ટોરંટ ફુડ વાઉચર લગભગ ૫૦% ડિસ્કાઉન્ટથી મળશે. મનીષ છેડા-૯૮૨૦૨૦૦૩૮૦.

1/1/1(68) -------- **(B-7660)(1-5)**

સંતોષ કુર્દીંગ કલાસ-રૂચી ભારાણી

તા. ૨૩ વેરાઇટી ઢોસા, તા. ૨૫, ૨૬, ૨૭ પંજાબી અને મોગલાઇ, તા. ૨૯ પિઝા સ્પેશીયલ. તા. ૩૦ Buddha Bowls new. ફોન : ૨૬૪૯૩૮૮૪ / ૯૩૨૩૨૮૮૭૦૪ / ૫. twitter@ruchibharani.

2/1/1(80) -------- **(B-7709)(14-17)**

શ્રી ક.વી.ઓ.સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઇ

જૈનોલોજી વર્ગ

૧૩ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહેલ શ્રી.ક.વી. ઓ. સ્થા. જૈન મહાજન - મુંબઈ સંચાલિત
જૈનોલોજીના ૨ વર્ષના અભ્યાસક્રમમાં
સર્વ સંપ્રદાયને ઉપયોગી એવા **જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો** તથા **જૈનધર્મની વિશેષ માહિતી સરળ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં**
નિષ્ણાંત શિક્ષકો દ્વારા તર્કબદ્ધ રીતે આપવામાં આવે છે.

૧૭ જુનથી શરૂ થતા વર્ગોમાં ૧૮ થી ૮૦ વર્ષની વ્યક્તિ જોડાઇ શકે છે.
(અઠવાડીયામાં ૧ દિવસ....વર્ષના લગભગ ૮૦ કલાક)

સ્થળ

- **મહાજનશ્રી સંચાલિત**....શ્રી વેલજી લખમશી નપૂ હાઇસ્કુલ ૭૦ / ૮૦, ડૉ. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, **ચીંચપોકલી (પૂ.)**
- લિટલ એંન્જલ ઇંગ્લીશ મિડિયમ હાઇસ્કુલ અને જુનિયર કોલેજ, યશરાજ પાર્ક લેન, કાસરવડવલી, **ગોડબંદર રોડ, ઠાણે (પ.)**
- શ્રી થાણા ક.વિ.ઓ. દેરાવાસી જૈન સંઘ - થાણા સંચાલિત.... ઋષભ અજીત ભક્તામર જિનાલય, રામ મારૂતી ક્રાસ રોડ નં. ૧, એ.કે.જોશી સ્કુલ ને સામે, **નવપાડા - થાણા (પ.)**
- શ્રી મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શિશુકુંજ હોલની બાજુમાં, સેવારામ લાલવાંની રોડ, **મુલુંડ (પ.)**
- ગણેશ કૃપા, સી વીંગ, કચ્છી ડેરી અને સ્ટેટ બેંન્ક ઇંડીયાની ઉપર, આર. એચ.બી. રોડ, **મુલુંડ (પ.)**.... (વિશેષ વર્ગ)

પ્રથમ / દ્વિતીય વર્ગ

સેંટર	વાર	સમય	વર્ષ	શરૂઆત	વાર્ષિક ફી
ચીંચપોકલી	શનિવાર	૧ થી ૫	પ્રથમ	૨૩/૬/૧૮	₹ ૭૦૦
	* રવિવાર	૧૦ થી ૧	પ્રથમ	૨૪/૬/૧૮	₹ ૭૦૦
	રવિવાર	૧૦ થી ૧	દ્વિતીય	૨૪/૬/૧૮	₹ ૧૨૦૦
મુલુંડ	શનિવાર	૧ થી ૫	પ્રથમ	૨૩/૬/૧૮	₹ ૭૦૦
થાણા	રવિવાર	૧૦ થી ૧	પ્રથમ	૧૭/૬/૧૮	₹ ૭૦૦

* વિદ્યાર્થીઓની સંખ્યા પૂર્તી હશે તો જ ચાલુ કરવામાં આવશે.

વિશેષ વર્ગ

સેંટર	વિષય	શિક્ષક	વાર	શરૂઆત
ચીંચપોકલી	ઉત્તરાધ્યયન સૂત્ર અને થોકડા	ડૉ. પાર્વતીબેન ખીરાણી	શનિવાર	૨૩/૬/૧૮
ચીંચપોકલી	કર્મગ્રંથ	શિલ્પાબેન શાહ	*બુધવાર/ મંગળવાર	૨૭/૬/૧૮
મુલુંડ	થોકડા / કર્મગ્રંથ	હંસાબેન શાહ	સોમવાર	૨૫/૬/૧૮
થાણા	થોકડા	નીકીતા વીરા	શુક્રવાર	૨૯/૬/૧૮

* વિદ્યાર્થીઓની વિનંતીને માન આપીને વાર નક્કી કરવામાં આવશે.
વિશેષ વર્ગોનો લાભ જૈનોલોજીના સર્ટીફીકેટ અને ડિપ્લોમાના ૨ વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ લઈ શકે છે. (વાર્ષિક ફી ₹૧૨૦૦)

વધુ વિગત માટે સંપર્ક:

- શ્રી ક.વી.ઓ.સ્થા. જૈન મહાજન - ૨૩૭૨૧૦૮૪ / ૨૩૭૩૪૬૭૮ (સમય: ૧૧ - ૫)
- નીશા ભેદા - ૯૬૧૯૬૩૧૪૩૪ (સમય: ૧૧ - ૭)
- ડૉ. દિનેશ વીરા (Course Co-ordinator) - ૯૮૩૩૬૪૬૭૩૦ / ૯૭૭૩૭૪૮૭૪૬ (સમય: સવાર ૧૧ - ૧ / સાંજે ૭ - ૯)
- નવિનભાઇ દેદિયા - ૯૩૨૪૩૮૭૬૩૦ (સમય: ૧૧ - ૭)
- ડૉ. વાસંતીબેન સોની - ૨૩૭૭૧૧૬૬ / ૨૩૭૫૩૩૧૧ / ૭૭૩૮૨૯૩૪૨૪ (સમય: ૧૧ - ૭)
- શોભના શાહ - ૯૩૨૨૫૧૩૫૫૯ (સમય: ૧૧ - ૭)

એડમિશન

રજીસ્ટ્રેશન ફોર્મ મહાજનશ્રીના કાર્યાલય: ચીંચપોકલી મહાજનવાડીમાં તેમજ વેબસાઇટ www.kvosjm.org પર પણ ઉપલબ્ધ છે.
નોંધ - રજીસ્ટ્રેશન ફી મહાજનશ્રીના કાર્યાલયમાં (ચીંચપોકલી) અથવા YES Bank A/c No.: 045188700000036, IFSC Code: YESB0000451, MICR No.: 400532051 માં NEFT કે ડીપોઝીટ કરી Utr No. કે ડીપોઝીટની રસીદની કોપી આપેલ ઇમેલ : kvosthanakwasi@gmail.com પર અચૂક મોકલી આપવી.

લિ. કન્વીનર
જૈનોલોજી સમિતિ
શ્રી ક.વી.ઓ.સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

॥ જય મહાવીર ॥ ॥ જય સિમંધર ॥

પૂ. આ. શ્રી અજરામરજી સ્વામી

શાસનોદ્ધારક આચાર્ય શ્રી અજરામરજી સ્વામીનો જય હો
ગચ્છાધિપતિ આચાર્યશ્રી ભાવચંદ્રજી સ્વામીને વંદન હો

શ્રી અજરામરજી સ્વામી સ્થાનકવાસી જૈન સંઘ
નહેરૂનગર કુર્લા (ઈ.)ના આંગણે

જન્મોઉત્સવ-શીલોત્સવ-તપોત્સવ તા. ૨૦-૨૧-૨૨ જુન બુધ-ગુરૂ-શુક્ર

જેમના નયનમાં વિમલભાવ, જેમના સત્સંગમાં નિજાનંદનું સુખ,
જેમના ચિંતનમાં આત્માનું અમૃત, જેમના હૃદયમાં અજરામર ગુરૂનું દર્શન છે એવા
પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ગુરૂદેવશ્રી ભાવચંદ્રજી સ્વામી
પૂ. છોટે ગુરૂદેવશ્રી વિમલચંદ્રજી સ્વામી આદિ ઠાણા ૭
તથા **પૂ. શ્રી અમરલતાજી આર્યાજી** આદિ ઠાણાઓ કુર્લા-નહેરૂનગર
અજરામર સંઘના આંગણે પધારી રહ્યા છે
ત્યારે સંઘમાં ભાવોલ્લાસ આવ્યો છે.
તા. ૨૦-૬ બુધવારે સવારે ૭ વાગે પુજ્યોનું સ્વાગત કરવા
સૌએ સપરિવાર પધારવાનું છે.
નવકારશી રાખેલ છે. સૌને લાભ આપવા વિનંતી.
યાદ રાખો **તા. ૨૧-૨૨ જુન ત્રિવેણી ભક્તિ ધૂન** દાદા
ગુરૂશ્રી અજરામરજી સ્વામીના ૨૬૫ મો જન્મ દિવસ

:: જેઠ સુદ ૯ તા. ૨૧-૬, ગુરૂવારે જન્મોત્સવ બનશે શીલોત્સવ ::

ગુરૂભક્તિ, હૃદયશીલ દંપત્તિ શીયલ વ્રત લઇને ગુરૂ સમર્પણ ભાવનું નજરાણું ભેટ ધરશે. આ પ્રસંગે અજરામર સંઘ
નહેરૂ નગરનું સંઘ જમણ રાખેલ છે. સંઘના સૌ પરીવાર સાથે પાવન કરજો આંગણા, આવી છે શુભ ભાવના
આપણે સૌ શુભ કામના કરીશું શીયલ વ્રતની ભાવ અનુમોદના.
શાસન ગૌરવ દિન જેઠ સુદ ૧૦, તા. ૨૨ જુન આજથી ૩૦૦ વરસ પૂર્વે લીંબડી ગુરૂ ગાદી શક્તિ પીઠની સ્થાપના થઇ હતી.
તેની સ્મૃતિરૂપે સામુહીક એકાસણા તથા કુટુંબ પરીવાર સંઘ શાસનના ઉત્કર્ષ માટે મંત્ર જાપ
અને પૂ. આચાર્ય ગુરૂદેવશ્રીના મુખેથી ઇતિહાસનું અવલોકન સાંભળવાનો સુયોગ હોઇ. સર્વેને પધારવા વિનંતી છે.

:: પૂ. આચાર્ય ગુરૂવરની ઘાટકોપરમાં વિહાર યાત્રા ::

તા. ૨૩ થી ૨૫ રાજાવાડી ૨૬ થી ૨૮ કામાગલી ૨૯-૩૦ વિદ્યાવિહાર, ૧-૭ થી ૪ સ્વાધ્યાય ૫ થી ૬ કલ્પતરૂ, ૮ થી ૧૧ શાંગાણી ૧૨-૧૩ પંતનગર દરેક જગ્યાએ વ્યાખ્યાનનો લાભ લેવા આમંત્રણ.

(CLB-7649)

લિ. વેલજી મણશી ગડા • કિશોર ગેલાભાઇ ગડા તથા ટ્રસ્ટીગણોના

જય જિનેન્દ્ર

શ્રી સચ્ચા માતાય નમઃ (રાયણ મોટી)

રાયણ ગામે ગડા ફરીયામાં બીરાજતા પુ. સચ્ચા માતાજીને નમતા ગામન કે અન્ય ગામના સર્વે ભાવિકો જોગ સર્વેને જાણ કરવાની કે આ વર્ષે સમૂહ જુહાર તા. ૧૯-૧૧-૧૮ના દિવસે છે. જુહારના નકરાના પૈસા હજી પણ શ્રી રૂપશ્રી (બોમ્બે ડાઈંગ) રાનડે રોડ, દાદર બી.બી.ની દુકાને લખવાનું ચાલુ રાખેલ છે. જેમના જુહારના નકરાના પૈસા લખાવવાનાં બાકી હોય તેમણે તા. ૩૦-૬-૧૮ સુધી ભરી આવવા વિનંતી. તા. ૩૦-૬-૧૮ સુધી જુહારના પૈસા આવી ગયા હશે તેમને પુ. માતાજીની તા. ૧૮-૧૧-૧૮ના ગામમાં નીકળનારી શોભાયાત્રામાં લકી ડ્રો દ્વારા જેમના નંબર નીકળશે તેમને શોભાયાત્રામાં લકી ડ્રોમાં નીકળનાર ડ્રો મુજબ લાભ મળશે. લકી ડ્રો તા. ૧-૭-૧૮ બપોરના ૨ ।। વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી (૨.૩૦ થી ૫.૩૦) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર વેસ્ટ સંચાલિત શ્રી ચંદ્રકાંત ફરસન લધુભાઈ નિસર હોલ ૨જે માળે દાદર બી.બી. મધ્યે રાખેલ છે. સર્વે ભાવિકોને સપ્રેમ પધારવા વિનંતી છે. જરૂરથી પધારશો એ જ આશા જરૂરથી આવશો જુહારના નકરાના પૈસા બાકી હોય તેમને વિનંતી કે તા. ૩૦-૬-૧૮ સુધી રૂપશ્રી રાનડે રોડ દાદર બી.બી. પોપટલાલ નિવાસ મધ્યે ભરી આવવા વિનંતી. (ચા-પાણીની વ્યવસ્થા રાખેલ છે.) લિ. ગુલાબચંદ આણંદજી ગડાના જય માતાજી. તા.ક. : ચા-નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે.

1/1/1(38) -------- **(A-7618)(1-5)**

લક્કી ડ્રો દ્વારા શીખરજીની યાત્રા

૧૦૦૦/- ભરી લક્કી ડ્રોમાં ભાગ લો અને મેળવો સમેત શીખરજીની ફ્રી યાત્રા કરવાનો અનેરો મોકો.

- ડ્રો જીતનાર ને સમેત શીખરજીની યાત્રા ફ્રી, ડ્રો ન જીતનારને ફક્ત ૧૧૦૦૦/- માં યાત્રા કરાવવામાં આવશે. જેમાં કુપનનાં પૈસા રીફંડ તરીકે ઉમેરવામાં આવશે.
- સમેત શીખરજી, ઋજુવાલિકા, ચંપાપુરી, લચ્છવાડ, ક્ષત્રિયકુંડ, ગુણીયાજી, રાજગીર, પાવાપુરી, કુંડલપુર, નાલંદા (મુંબઈ થી મુંબઈ ૧૧ દિવસ) ટ્રેન ટીકીટ સામેલ છે.
- લક્કી ડ્રોના કુપન બુક કરાવવાની છેલ્લી તારીખ ૨૦-૬-૧૮.
- સંપર્ક : યંગ એંજલ મહિલા મંડળ (પાયલ કારાણી) ૯૭૨૬૭૭૫૧૨૭, ૯૭૨૬૭૫૩૯૨૭.

1/1/1(41) -------- **(A-7615)(1-5)**

શ્રી મુલુંડ ક.વિ.ઓ. સમાજ
પબ્લિક રીલેશન સમિતિ

SSC/CBSE/ICSE અથવા સમકક્ષમાં ૯૫% અથવા એનાથી વધારે માર્કસ મેળવનાર મુલુન્ડમાં વસતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ mulundkvoscholars@gmail.com અથવા વ્હોટસ એપ પર માર્કશીટ મોબાઈલ નં. એડ્રેસ પ્રુફ તથા ગામનું નામ ૨૧ જુન સુધી મોકલવા વિનંતી. કન્વીનર કંચનબેન વિસરીયા કો. કન્વીનર અરૂણ છાડવા. વધુ જાણકારી માટે સંપર્ક : વ્હોટસ એપ નં. ૯૮૩૩૭૫૩૬૧૫.

1/1/1(55) -------- **(A-7635)(1-5)**

ફેસ ગ્લો સીરમ + બોડી પોલીશીંગ કેક
+ ઓર્ગેનીક હેર ઓઈલ, હેર શેમ્પુ

૧૫ દિવસમાં ફેસ ગ્લો કરો. પરમેનન્ટ ફેસ ગ્લો સીરમના વપરાશથી ચહેરાની ચમક લાવો, ૫ થી ૬ વાર ફેસિયલ કરાવવાથી પણ ગ્લો ન થાય તેના કરતા પણ વધુ ચહેરો ચમકાવે છે. ૧૦૦% ગેરેંટીથી ફાયદો. બોડી પોલીશીંગ કેક વાપરવાથી આખા બોડીની કાળાશ દુર કરો. બોડીનું ટોકસીંગ + ડાયમંડ જેવી ચમક લાવે છે. ઓર્ગેનીક હેર ઓઈલથી ૧૫ દિવસમાં જ ખોડો, બરછટ વાળ દુર કરો. વાળ ખરતા અટકાવો. આશ્વી બ્યુટી કેર : ૭૩૦૩૭૮૭૮૬૦.

2/1/1(59) -------- **(N-7641)(16-14)**

દેશલપુર (કંઠી) પૂજ્ય રૂપાંદે માને નમતા વીરા ભાવિકો સમૂહ જુહાર... સમૂહ જુહાર..

હરહંમેશની પ્રણાલિકા મુજબ દેશલપુર (કંઠી) સ્થાને પૂજ્ય રૂપાંદેમાંને નમતા સર્વે ગામોના વીરા ભાવિકોના ૨૦૭૩-૭૪ના સમૂહ જુહાર કાર્તક સુદ-પૂનમ, શુક્રવાર, તા. ૨૩-૧૧-૨૦૧૮ના સ્થાનિકે કરવામાં આવશે. એક વર્ષનો નકરો રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે. (ઓછામાં ઓછા બે વર્ષના જુહાર માટે નામ લેવામાં આવશે.) ફોર્મ ભરવાના વાર-તારીખ શુક્રવાર, શનિવાર, રવિવાર, તા. ૨૯, ૩૦ જૂન અને ૧ જૂલાઈ ૨૦૧૮ રાખવામાં આવેલ છે. સમય ૧ થી ૫ . સ્થળ : મોઢ વણિક સમાજ, ગ્રાઉન્ડ ફ્લોર, યોગી સભાગૃહની સામેની બિલ્ડીંગ, દાદર (ઈ.) દર વખતના સ્થળે જ. સર્વે ભાવિકોને સહભાગી થવા વિનંતી. તેમ જ બહારગામ રહેતા વીરા ભાવિકોને જણાવવા વિનંતી. વધુ વિગત સંપર્ક : અશોક વીરા : ૯૮૧૯૬૯૭૩૨૬, દીલેશ વીરા : ૯૮૨૧૦૨૪૯૧૨, સુનીલ વીરા : ૯૮૨૧૦૫૧૭૫૭, પ્રવિણ વીરા : ૯૩૨૦૨૦૨૬૨૬

- લિ. સમૂહ જુહાર સમુહ પહેડી એડહોક કમિટીના જય માતાજી.
- જા.ખ.સૌ. શ્રી મણીલાલ કાનજી વીરા (નાની ખાખર)

2/1/1(3) -------- **(A-7573)(6-6)**

શ્રી વિરાર ક.વિ.ઓ. સેવા સમાજ
અષાઢી બીજ - કચ્છી નુતન વર્ષ

ચાલો સૌ સાથે મળી આપણાં નવા વર્ષની ઉજવણી દર વર્ષની જેમ વિવિધ દિલધડક સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મનાવીએ. યાદ રાખજો રવિવાર, તા. ૮-૭-૧૮ બપોરના ૨ વાગ્યાથી.

- મિત્રો આપને ગમતા કાર્યક્રમમાં ભાગ લો.
- કચ્છી નાટકો : ૩ ગ્રુપ
- ગરબા : ૩ ગ્રુપ
- ડાન્સ : ૨ ગ્રુપ
- ફેમીલી ફેશન શો (ફેન્સી કચ્છી પહેરવેશ-વોક-ટોક)
- નાના બાળકો માટે ફેન્સી ડ્રેસ : ૮ વર્ષ સુધી.
- વિદ્યાર્થી સરસ્વતી સન્માન-નર્સરી થી ઉપર કોઈ પણ ધોરણના વિદ્યાર્થીઓ ૬૫% અથવા એ ગ્રેડ અને વધોરવાળાનું સન્માન.
- છેલ્લે પ્રીતી ભોજન તો ખરા હો...વહેલો તે પહેલો પ્રમાણે ગ્રુપો બનાવી ૨૨-૬-૧૮ સુધી નામો લખાવશો. નોંધ : વિદ્યાર્થી મિત્રોના રીઝલ્ટની ઝેરોક્ષ કોપી પાછળ પુરૂ નામ, ગામ, ઉંમર, સરનામુ, મોબાઈલ નં., પાંજા માડુ, કુટુંબ ક્રમાંક ફરજીયાત લખવું. નવા મેમ્બરોએ NEW લખવું. રીઝલ્ટ શનિ-રવિ, તા. ૨૩-૬ અને ૨૪-૬ સમય ૩ થી ૫માં જમ્બો ડ્રાયક્લીનર્સ એમ.બી. ઈસ્ટેટ, વિરાર (વે.)માં આપવું. કાર્યક્રમ સ્થળ : મોહનબાગ, તિરૂપતિ નગર, વિરાર (વે.) વધુ વિગત માટે સંપર્ક : બિના લાલન-૯૩૨૩૨૨૯૪૦૦, પૂજા સાવલા-૯૭૬૫૪૯૬૯૨૧. લિ. ટ્રસ્ટીગણ.

1/1/1(52) -------- **(A-7632)(1-5)**

તુમ અગર ટાલતે રહો, તો ભી હક્ક હૈ તુમકો
મેરી બાત ઔર હૈ, મૈંને તો અનુમોદના કી હૈ

જીવન સંધ્યાના આરે શારીરીક કોમ્પ્લીકેશન્સ વધતા જાય છે. મારા ઘરની ધર્મશાળામાં નિરાધાર વયસ્કો અને કોલેજ વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સગવડ આપવાની અસમર્થતા માટે ક્ષમ્ય ગણશો.

- જરૂરીયાતમંદ વિદ્યાર્થી/દર્દીઓ/વ્યક્તિઓને આર્થિક સહાયની અસમર્થતા માટે પણ ક્ષમ્ય ગણશો.
- જીવનના સંઘર્ષમાં જેમણે સહકાર આપ્યો છે તેમનો હાર્દિક આભાર. હું પણ માણસ છું ક્યાંક ભુલચુક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્.
- લિ. પ્રવિણ વેલજી શાહ (નરેડી/મુલુંડ/અમેરીકા)

1/1/1(53) -------- **(A-7633)(1-5)**

દિવ્ય કૃપા : આચાર્યદેવેશ પૂ. શ્રી અજરામર - રૂપ - નવલ - નરસિંહ - રામ ગુરૂભ્યો નમઃ ● શુભ આશિર્વાદ : આચાર્ય ભગવંત પૂ. ગુરૂદેવ શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી

કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરીત શ્રી કચ્છી જૈન સંઘ - નવનીત નગર, ડોંબિવલીના આંગણે

નવલ યુવા ગ્રુપ, મુંબઈ આયોજીત "નવલ સાધના શિબિર" સાનંદ સંપન્ન

-: ઋણ સ્વીકાર :-

નવલ સાધના શિબિરમાં લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ. ગુરૂદેવ શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી આદિ ઠાણા - ૬ તથા તેમના આજ્ઞાનુવર્તી પૂ. સૂર્ય - વિજય ગુરૂણીના સુશિષ્યાઓ શ્રી ધર્મેચ્છાજી મ.સ., શ્રી હિતજ્ઞાજી મ.સ., શ્રી અર્પણાજી મ.સ. આદિ ઠાણા - ૮ ઉપસ્થિત રહિને ખૂબજ આશીર્વાદ વરસાવ્યા છે. તેમાંય પૂ. શ્રી આગમચંદ્રજી સ્વામી તથા શ્રી ઐશ્વર્યાજી મ.સ. એ ખૂબ જ જહેમત ઉઠાવીને સાધના શિબિરને ચાર ચાંદ લગાવ્યા હતા. તેથી આપ સર્વેના અમે ખૂબ જ ઋણી છીએ.

-: સાદર આભાર :-

● સાધના શિબિર માટે વિશાળ જગ્યા આપવા બદલ કચ્છી જૈન ફાઉન્જેશનના સર્વે ટ્રસ્ટીશ્રીઓનો ● સાધના શિબિરને ચાર ચાંદ લગાવનાર સર્વે દિલેર દાતા પરિવારોનો ● સાધના શિબિરના પૂર્ણાહૂતિ પ્રસંગે પધારેલ અધ્યક્ષ શ્રી લખમશી ખાખણ નંદુનો, સર્વે અતિથિ વિશેષશ્રીઓનો અને આમંત્રિત મહેમાનોનો ●સાધના શિબિરમાં તન - મનથી અપૂર્વ સાથ-સહકાર આપનાર નવનીત નગરના સર્વે કાર્યકર્તા ભાવિકોનો ● સાધના શિબિર પૂર્ણાહૂતિ પ્રસંગે સફળ અને રોચક સંચાલન કરનાર શ્રી અમૃતલાલ નીસરનો ● સાધના શિબિરને જ્ઞાન - ધ્યાન અને આરાધના મય બનાવનાર સર્વે શિબિરાર્થી આરાધકોનો ● નવલ સુપર સ્ટાર જૈન શાળા નામ કરણ વિધિના લાભાર્થી શ્રીમતી દિવાળીબેન લખમશી ખાખણ નંદુનો ● ઘર-ઘર જૈન શાળાના આયોજનમાં દાન આપનાર સર્વે દાતાશ્રીઓનો ● વિશાળ સંખ્યામાં પધારેલ સર્વે શ્રાવક-શ્રાવિકાજીઓનો

શુભાશિષ આપતા પૂ. ગુરૂભગવંતો

-: ક્ષમાયાચના :-

સાધના શિબિરની આરાધના વખતે તથા પૂર્ણાહૂતિ સમયે અમારાવતીથી પૂ. ગુરૂદેવ તથા મહાસતીજીવતીથી, સર્વે કાર્યકર્તાઓવતીથી, કોઈનું પણ મન-વચન-કાયાથી દિલ દુભાવ્યુ હોય, આપની શાતા અને વ્યવસ્થા સાચવવામાં ત્રુટી રહી હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના યાચીએ છીએ.

-: વિશિષ્ટ યોજના :-

નવલ સુપર સ્ટાર ઘર-ઘર જૈન શાળા ટૂંક સમયમાં જ શરૂ થઈ રહી છે. તેમાં ટીચરોની આવશ્યકતા છે. ૧૮ વર્ષથી ૪૫ વર્ષ સુધીના પ્રતિક્રમણ શીખેલા શ્રાવક-શ્રાવિકાજીઓ જેમણે પણ જોડાવું હોય તેમણે પોતાનું નામ, એરીયા તથા મો.નં. સંપર્ક સૂત્ર : જયશ્રી બેન સાવલા - ૮૦૯૭૨૯૨૩૧૩ ને લખાવવા નમ્ર વિનંતી.

જૈનશાળા નામકરણ વિધિ કરતા દિવાળીબેન અને લખમશીભાઇ

અધ્યક્ષશ્રી, અતિથીઓ તથા દાતાશ્રીઓ

નવનીત નગરની કાર્યકર્તા ટીમ

ગુરૂ ભગવંતના આશિર્વાદ લેતા અધ્યક્ષશ્રી, શ્રી દિપકભાઈ ભેદા અને આદિ

સૂત્ર સંચાલન કરતા અમૃતલાલ નીસર

લિ. નવલ યુવા ગ્રુપ તથા નવનીત નગરના સર્વે કમીટી સભ્યો

(CLB-7639)

॥ સ્વામી શ્રીજી ॥

સુંદરમ્

હેવન ફોર વુમન નીડ

Monsoon Dhamaka

19 20 June 2018

FREE MEHANDI

સુંદરમ રજુ કરે છે આપના માટે ભાટિયાવાડી માં હેવી ડિઝાઈનર ડ્રેસપીસ, બનારસી સાડી, ઘાઘરા, રેડિમેડ બ્લાઉસ, પટોડા, દુપટ્ટા સાડી, ફ્રાન્ડેડ શર્ટ્સ, ફ્રાન્ડેડ પર્સ, હેર એસેસરીઝ, ફેન્સી જવેલરી, સ્ટેશનરી સે. કોટન જયપુર કુર્તી સ્ટોલ, ટપ્પરવેર, ખીસીયા પાપડ, સે. રીટન ગીફ્ટ સ્ટોલ, થિલ્કનવેર, નાઈટવેર, શરબત, મુખવાસ, વેસ્ટર્ન આઉટ ફીટ, ઘર વાપરાશની વસ્તુઓ, ચણીયા ચોલી, હેન્ડમેડ જવેલરી વિ. જોવા અને લેવા પધારો.

FREE Gift For Everyone

ARE YOU COMING? NIMCO SOAPS is coming (SINCE 1962) FREE Gift for NIMCO Customer

ભાટિયાવાડી
તિલક રોડ, ઘાટકોપર (ઈ)

રૂપલ પરમાર 8082004055
જાગૃતિ ટેલર 9819043798

(CLNMD-7372)

Print Master

Build Your CAREER As a Computer Teacher

Join Govt. Recognised COURSE IN COMPUTER TEACHERS TRAINING (CCTT)

100% JOB GUARANTEE QUALITY TRAINING *Conditions Apply.

Technology Skills
- Windows
- MS Advance Office
- Tally.Erp9 with GST
- Graphic Designing
- Web Designing

Teaching Skills
- Teaching Profession
- Effective Communication Skills
- Leadership Skills
- Class / Batch Management
- Revision, Examination and Feedback
- Practical Exercise and Project Work

4 months internship

Eligibility Criteria: Age 18 years above and Minimum Qualification HSC pass or equivalent

RAJ We make IT happen

RAJ COMPUTERS ACADEMY

(A division of Raj Software Technology (INDIA) Ltd.)

AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY

Trust India's Top IT Training Company For A Quality Computer Training.

For Admissions Contact Your Nearest Raj Centre Or Call on

28834525 / 28834317 9820127177

for Jobs in IT Training Institute mail your resume on career@rajinfo.in

To Start Raj Computers Academy in your area Call Lata on 28834525 / 28834317

(CLD-7522)

દીકરા સમ જમાઈને અંતરના ઓવારણા

શ્રી ઘાટકોપર કચ્છી શ્વે. મૂર્તિ. જૈન સંઘની
નૂતન કારોબારી સમિતિમાં
શ્રી નેમચંદ પ્રેમજી છેડા
(લાયજા)
ની **ખજાનચી પદ** પર
નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન.

આપની ખાનદાની, પરોપકારવૃત્તિ,
સાત્વિકતા, ઉદારતા, સરળતા, લોકપ્રિયતા,
નમ્રતા, વ્યવહારમાં ચોક્કસાઇ વગેરે
અસાધારણ ગુણોના પુરૂષાર્થ બળે આપશ્રી
ખજાનચી પદે બિરાજીત થયા છો.
આપની તનની તંદુરસ્તી અને મનની પ્રફૂલ્લિતતા સાથે
આપની પ્રગતિમય સફર આગળ વધે અને
આપ અનેક સુકૃતના સહભાગી થાઓ
એજ પરમાત્માને પ્રાર્થના...

શુભેચ્છા સહ

માતુશ્રી હેમલતાબેન પોપટલાલ ખીમજી વીરા
કારૂબાપા પરિવાર – મેરાઉ
દિપીકા મહેન્દ્ર વીરા • પ્રેમલ શૈલેષ વીરા

(CLC-7714)

BINITA S. MARU - 9869034162

ગોધરા ગ્રેજ્યુએટસ્ ફોરમ

75, Swesh House, Hindu Colony Rd. No. 2, Dadar (E), Mumbai.

ગોધરાવાસી દરેક જ્ઞાતિના ભાઈ-બહેનો માટે

ડ્રોઇંગ અને નોટ્રમ સ્પર્ધાનું આયોજન

જેમાં નિયાણી બહેનોના બાળકો ડ્રોઇંગ કોમ્પીટીશનમાં ભાગ લઇ શકશે.

ડ્રોઇંગ કોમ્પીટીશન બપોરે ૨.૦૦ ક.

રવિવાર, તા. ૨૪-૬-૨૦૧૮

માતુશ્રી વેલબાઇ સભાગૃહ, માટુંગા (સે.રે.)

નોટ્રમ બપોરે ૩.૩૦ ક.

અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ડ્રોઇંગ કોમ્પીટીશન : Age Group 4 to 6, 7 to 10, 11 to 15
સ્પર્ધકો પોતાની પસંદગીના કલર્સનો ઉપયોગ કરી શકશે.
કલર્સ અને પેડ સ્પર્ધકોએ પોતાના લાવવાના રહેશે.
ડ્રોઇંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે.
વય ગ્રુપ : ૪ થી ૬ વર્ષ (ફક્ત કલરીંગ કરવાનું રહેશે) (સમય : ૩૦ મિનિટ)
વય ગ્રુપ : ૭ થી ૧૦ વર્ષ અને ૧૧ થી ૧૫ વર્ષ
(વિષય હોલ પર જ આપવામાં આવશે – સમય : ૧ કલાક)

(CLB-7713)

નોટ્રમમાં જોડીદાર સાથે અથવા વ્યક્તિગત નામ નોંધાવી શકે છે.

ડ્રોઇંગ કોમ્પીટીશન અને નોટ્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન સંપર્ક

શ્રી ઘનજી કુંવરજી છેડા	શ્રી સંગોઇ સર	શ્રી મેહુલ દામજી છેડા
૯૮૬૯૨૦૦૫૧૮	૯૮૬૯૪૪૮૫૨૨	૯૮૬૭૫૪૬૨૩૪

ખાસ નોંધ : આપની આસપાસ રહેતા અન્ય જ્ઞાતિના ગોધરાવાસીઓને જાણ કરવા વિનંતી.

લી. મંત્રીઓ :- લક્ષ્મીચંદ પ્રેમજી ગોસર , CA ભરત ઘનજી ગાલા

સૌજન્ય :- સંઘમાતા શ્રીમતી પુષ્પાબેન વિનોદભાઇ ગંગર

દિલોજાન મિત્રને ભાવભરી શ્રધ્ધાંજલિ

શ્રી પોપટલાલ શામજી કુરીયા
નાગલપુર-મુલુંડ
અરિહંત શરણ
તા.૧૬-૦૬-૨૦૧૮

આપણી મૈત્રીની અખંડ માળા તૂટી,ને મણકા વેરાઇ ગયા,
તમે તો ચાલી ગયા પણ,મીઠા સ્મરણોનો ખજાનો મૂકી ગયા,
આપણી મૈત્રી જે એક અનોખી મિશાલ હતી,
એને ક્ષણવારમાં છોડી અમારી આંખો ભીંજવી ગયા.

જીવન અને મૃત્યુ એ સંસારનો ક્રમ હોવા છતાં જ્યારે દિલોજાન દોસ્ત કાયમ માટે સાથ છોડીને ચાલ્યો જાય ત્યારે હૃદય કલ્પાંત કરે છે. દરિયાદીલી જેના શ્વાસમાં હતી, પરોપકાર જેના પગલામાં હતો એવા દિલોજાન દોસ્તની ખોટ અમને સદાય સાલશે.

પરમ કૃપાળુ પરમાત્માના ધામમાં આપનો આત્મા શાશ્વત શાંતિને પામે એ જ અભ્યર્થના.

રેણુકા અને પ્રફુલ જેઠાલાલ કુરીયા - બેરાજા
ભારતી અને હસમુખ ડુંગરશી છેડા - ગોધરા
પ્રિયા અને ચાંપશી કાનજી નાગડા - કુમરા
મધુ અને દીનેશ ખીંયશી ગડા - મંજલ રેલડિયા

(CLC-7720)

DEVI GRAPHICS - 93 23 84 28 28

વાત્સલ્યહૃદયી વેવાઈશ્રીને અંતરભીની આંદરાજલી

નાંગલપુર **મુલુંડ**

શ્રી પોપટલાલ શામજી-કૂરીયા

જીવનયાત્રા : તા.૨૦-૮-૧૯૫૫ થી તા. ૧૬-૬-૧૮

સંબધોને સેતુરૂપ આપનાર અમારા વેવાઈને ભાવભરી શ્રધ્ધાંજલિ
નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે...
હર ક્ષણે તમારી ઉપસ્થિતીનો આભાસ થયા કરશે...
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે...
યાદોમાં તમારા પ્રત્યક્ષ-પરોક્ષ દર્શન થયા કરશે...

(CLC-7726)

વેવાઇ પરિવાર

માતુશ્રી સુંદરબેન મોરારજી હિરજી ગોસર (માપર-આકોલા)
અ.સૌ. વિજયા શશીકાંત મોરારજી ગોસર
અ.સૌ. શીતલ કીંજલ છેડા (રતાડીયા ગણેશવાલા-USA)

BINITA MARU - 9869034162

શ્રી અજરામર સ્થા. છ કોટી જૈન સંઘ (ગુંદાલા)
ચાતુર્માસ વધામણાં...ચાતુર્માસ વધામણાં

ભાવિન્દુ ગુરૂએ સાંભળ્યો સાદ પુ. પુણ્યશીલાજી તથા પુ. નિરૂપમાજી આપ્યુ ચાતુર્માસ આનંદ સાથે જણાવવાનું કે અમારા શ્રી સંઘના પુણેદયે શ્રી સંઘ ભવ્ય ભક્તિ સભર વિનંતીનો સહર્ષ સ્વીકાર કરી અમારા શ્રી સંઘ પર અમીદ્રષ્ટી વરસાવનાર શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પુ. કુમુદપ્રભાજી આર્યાજીના સુશિષ્યા પુ. પુણ્યશીલાજી આર્યાજી તથા પૂ. નિરૂપમાજી આર્યાજી ગામ સુવઈના વાગડની ધન્ય ધરા પર સુવઈ-ત્રંબૌ-ખારોઈના યશસ્વી ચાતુર્માસ કરી અમારા શ્રી અજરામર સ્થા. છ કોટી જૈન સંઘ (ગુંદાલા) ચાતુર્માસ કરવા પધારી રહ્યા છે ત્યારે અમારો શ્રી સંઘ હર્ષના હિલોળે ચડ્યો છે.

● ચાતુર્માસ મંગળ પ્રવેશ અષાઢ સુદ-૭ ગુરૂવાર, તા. ૧૯-૭-૧૮ પધારવાના ભાવ રાખેલ છે. ચાતુર્માસ મંગલ પ્રવેશ પ્રસંગે સર્વે સંઘના ભાઈ-બહેનોએ પધારવા વિનંતી.

● ચાતુર્માસિનો લાભ લેનાર દાતા પરીવાર :

● સંવત ૨૦૭૪ના વર્ષનાં ચાતુર્માસિનો સંપુર્ણ લાભ મા. હાંસબાઈ દેવજી મુરજી સતરા પરીવારે લીધેલ છે. (બુધ્ધુબાપા) હા. હીરબાઈ પ્રેમજી દેવજી સતરા પરીવારે લીધેલ છે. શ્રી સંઘ તરફથી દાતા પરીવારને ખુબ ખુબ ધન્યવાદ.

● સંવત ૨૦૭૪ વર્ષનાં ચાતુર્માસ સાધર્મિક ભક્તિનો લાભ મા. હાંસબાઈ દેવજી મુરજી સતરા (બુધ્ધુબાપા) હા. (૧) આશા હર્ષદ પ્રમજી સતરા કુણાલ હર્ષદ પર્વ ભાવિકા કેવલ હર્ષદ સતરા (૨) કલ્પના જયેશ પ્રેમજી સતરા પરીન જયેશ પ્રેમજી સતરા.

● સવારના પ્રાર્થના પ્રભાવના દાતાશ્રી : (૧) ઈલાબેન શાંતિલાલ વશનજી દેઢીયા (ભોરારા) (૨) વિણાબેન પ્રદિપ જગશી સોની (સમાધોઘા) (૩) લતાબેન રોહીત ગાંગજી સાવલા (વાંકી)

● સવારની વ્યાખ્યાન પ્રભાવના દાતાશ્રી : માતુશ્રી વેલબાઈ લખમશી દેવજી દેઢીયા હા. રમીલાબેન ભરત પ્રેમજી સતરા ખ્યાતિ નીખીલ ભરત સતરા બુન્દુ પુલીન વશનજી વિસરીયા.

● બપોરની વ્યાખ્યાન પ્રભાવનાના દાતાશ્રી : (પર્યુષણ સુધી) (૧) મણીબેન ધનજી મોરારજી દેઢીયા (ભોરારા) (૨) જવેરબેન જંડુલાલ ગોગરી (ગુંદાલા)

● ઉવસગ્ગહરં જાપના દાતાશ્રી : (પર્યુષણ સુધી) (૧) કૃણાલ હર્ષદ પ્રેમજી સતરા (૨) ભાવિકા કેવલ હર્ષદ પ્રેમજી સતરા (૩) પરિત જયેશ પ્રેમજી સતરા (૪) પર્વ કેવલ હર્ષદ સતરા.

● પ્રવેશ પ્રસંગે સાધર્મિક ભક્તિના દાતાશ્રી : માતુશ્રી હાંસબાઈ દેવજી મુરજી સતરા હા. હીરબાઈ પ્રેમજી દેવજી સતરા.

● સાંવત્સરીક સાધર્મિક ભક્તિના દાતાશ્રી : માતુશ્રી વેલબાઈ લખમશી દેવજી દેઢીયા હા. રમીલાબેન ભરત પ્રેમજી સતરા.

● અજરામર સ્વામીના ત્રણ દિવસ પાટલા જાપના દાતાશ્રી : માતુશ્રી પાનબાઈ ખીમજી ઓભાયા દેઢીયા (ગુંદાલા) હા. હેમાબેન સુરેન્દ્ર ગંગર (કુંદરોડી)

● અજરામર સ્વામીના અઠમ તપના અતરપારણા દાતાશ્રી : જવેરબેન જંડુલાલ વીરજી ગોગરી (ગુંદાલા) દર્શના બીના પ્રીતી.

● પસલી એકાસણાના દાતાશ્રી : માતુશ્રી સાકરબેન કાનજી સંગોઈ.

● પર્યુષણ આઠ દિવસ પ્રભાવનાના દાતાશ્રી : (૧) જવેરબેન કાનજી ગડા (૨) હેમલતાબેન કાંતિલાલ સાવલા.

● પર્યુષણ પર્વનાં તપસ્વીના પારણા વહેતી ઓફર રૂા. ૧૧૦૦૦/- અજરામર દાદાના અઠમ તપસ્વીઓના પારણા વહેતી ઓફર રૂા. ૧૧૦૦૦ તથા સંપ્રદાય તરફથી મળેલ ત્રણ સીલની ઉછામણી પ્રવેશના દિવસે તા. ૧૯-૭-૧૮ના કરવામાં આવશે.

● આયંબીલ ઓળીના તપસ્વીઓના પારણા કરાવનાર : રેખાબેન લક્ષ્મીચંદ કુંવરજી સતરા.

● બારસ તેરસ ચૌદસ દિવાળી એકમ અન બીજના ઉવસગહરમ જાપના દાતાશ્રી : કુસુમબેન પ્રેમચંદ દેઢીયા પર્વ તા. ૬-૯-૧૮ થી શરૂ થાય છે. તપસ્વીઓના પારણા તા. ૧૪-૯-૧૮ના કરાવવામાં આવશે. સ્વામી વાત્સલ્ય સાધર્મિક ભક્તિનું આયોજન તા. ૧૫-૯-૧૮ના કરાવવામાં આવશે. દર્શન યાત્રા કચ્છ તરફ તા. ૧૬-૯-૧૮ દર્શન યાત્રા વાગડ તરફ ૧૭-૯-૧૮ પર્યુષણ પ્રસંગે જુદા જુદા દાતાઓ તરફથી સાધર્મિક ભક્તિનું આયોજન છે. સંઘના સર્વે ભાઈ બહેનોએ લાભ લેવા વિનંતી. દાતાશ્રી : (૧) સાકરબેન કાનજી સંગોઈ (૨) સુંદરબેન ભવાનજી છેડા (૩) કસ્તુરબેન દેવશી નરશી છેડા (૪) અમૃતબેન જાદવજી રાંભીયા (૫) જયાબેન લહેરચંદ દેઢીયા (૬) શાંતાબેન તલકશી છેડા (૭) રાજુ હરીલાલ કુંવરજી સતરા (૮) નિર્મળાબેન દામજી દેવજી સતરા (૯) હાંસબાઈ મેઘજી રવજી રાંભીયા (૧૦) પ્રભાબેન રાઘવજી સતરા (૧૧) કસ્તુરબેન પ્રેમજી રવજી ગડા. લિ. સંઘ વતી : પ્રેમચંદ મગનલાલ દેઢીયાના જય જિનેન્દ્ર.

1/1/1(57) -------- (A-7637)(1-5)

ધાર્મિક પુસ્તક : કલ્યાણ ચાતુર્માસ

પ્રેમ ભુવન ભાનુ સમુદાયના મુનિ વિશ્વાનંદ વિજયજી મ.સા. શ્રી ભદ્રબાહુ વિ.મ. સા. મુનિ હેમકીર્તી વિજયજી મ.સા. આદિ ઠાણા-૩ શ્રી કલ્યાણ ખડકપારા વસંત વેલી જૈન સંઘમાં આગ્રહભરી વિનંતીને માન આપીને ચાતુર્માસ કરશે. ચાતુર્માસ શુભ પ્રવેશ તા. ૧૯-૭-૨૦૧૮, અષાઢ સુદ ૭ના શુભ દિવસે કરશે તે પહેલા તા. ૧૬ જુલાઈ સુધી થાણામાં સ્થિરતા કરશે રોકાશે. પુસ્તકો, કપડા, નોટબુક, બોલપેન સ્કુલ બેગ સાવ નવાનો સ્વીકાર ૧૫ જુલાઈ સુધી કરવામાં આવશે. માતુશ્રી સુંદરબેન ધનજી નાગડા ચાંગડાઈ, લીલાવંતી જવેરીલાલ વીરા જેઓ ડોણના પટેલ ખીમજીભાઈ ગોગરીની સુપુત્રીઓ છે તેઓ કપડા પુસ્તકો વગેરે વિપુલ પ્રમાણમાં આપી ગયેલ છે. ભાવના વિપુલ શાહ નવાવાસ-મુલુંડથી નેમચંદ હંસરાજ ભારમલ કોડાય પરેલથી શ્રી કીર્તીલાલ ગડા લાયજા ઠાણાથી શ્રી કલ્યાણ જૈન સંઘ સંજય શ્રીશ્રીમાલ મારફત પુસ્તકો શ્રી ચંદ્રકાંત ધનજી ગંગર છસરા મલાડથી સિવાય અનેક મહાનુભાવો પુસ્તકો પુજાના કપડા ચરવલા, કટાસણા પ્રતિમાઓ દેરાસરનાં ઉપકરણો પહેરવાના નવા કપડા વગેરે આપી ગયેલ છે તેમને સૌને ધન્યવાદ આપવામાં આવે છે. જીવનક્ષણ ભંગુર. હાથે એ સાથે કાલની વાત ખોટી ભાવે ભજી લો ભગવાન જીવન થોડું રહ્યું જેવા સુત્રો વિચારી ચાતુર્માસના દિવસોમાં વતનમાં વિસામો લઈ આત્મિક હિતકારી આરાધનામાં લાગી જવું જોઈએ. લિ. સંઘ સેવક મનોજ ખીમજી ગાલા ડોણવાળાનાં જય જિનેન્દ્ર વાંચશો. સ્થળ : શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર, ટેંભીનાકા. ઠાણા. તા.ક. : રતનશી દેવજી ગાલા-ડેપા પુસ્તક આપી ગયેલ છે. ઠાણાવાલા. સંપર્ક : મહાનંદ-૯૮૯૨૫૫૨૪૯૨.

1/1/1(78) -------- (A-7712)(1-5)

(વધુ વિગત બાજુની કોલમમાં)

રામાણીયા-ચેમ્બુરનું ગૌરવ S.S.C. માં સફળતા બદલ

ગામ : રામાણીયાના મુરજી માણેક ગાલા પરિવારનો પૌત્ર જય

૭૨%

ચેમ્બુર રામાણીયા

જય હીના મનોજ ગાલા

ઉરમાં વિજયનો વિશ્વાસ, સફળતાના સ્પંદનો શ્વાસે શ્વાસ, ધીરજ, ખંત અને મહેનતનો સફળ થયો પ્રયાસ, હૈયુ અમારું હરખે છે હોઠ ખુશીથી મલકે છે. અવિરત યશસ્વીતાના શુભાશીષ.

દાદા-દાદી : ખેતબાઈ દેવરાજ ગાલા - કસ્તુરબેન લાલજી ગાલા - કસ્તુરબેન વીરજી ગાલા

નાના-નાની : હસુમતીબેન મગનલાલ દેઢીયા (ભોરારા)

કુઈ-કુઆ : ઉર્મિલાબેન શાંતિલાલ સાવલા (તુંબડી) ❖ જયેષ્ઠા જયંતી ગડા (પત્રી)

કાકા-કાકી : સાધના કાંતી ગાલા, ગીતા (શીલા) કમલેશ (રાજુ) ગાલા
જયશ્રી વિનય ગાલા, પ્રજ્ઞા જયેશ ગાલા, પ્રફુલા હરેશ ગાલા

ભાઈ-બહેન : ટીના પરેશ સામંત (મુંબઈ) ❖ સેજલ પુનીત સંગોઈ (કપાયા)
નેહા અંકિત નાગડા (શેરડી)
જીતુ, ટીનુ, હેરીન, દ્રષ્ટી, જીનાલી, દિશા, દર્શના, દેવાંસી, જીત, વીર
(સમસ્ત ગાલા પરીવાર)

ભાણેજ : પ્રણવ પરેશ સામંત ❖ ફેયાન પુનિત સંગોઈ

(CLC-7631)

શ્રી નાલાસોપારા ક.વિ.ઓ. મિત્ર મંડળ

શિખરજી યાત્રા સંબંધી

❖ સપ્ટેમ્બર મહિના માટે નામ લખાવેલ ૬૩૩ યાત્રિકોની ટીકીટો આવી ગયેલ છે.

❖ જે યાત્રિકોને કાર્યકર્તા તરીકે સેવા આપવી હોય તેઓએ નામ લખાવવા તથા રૂબરૂ મળી જવું.

❖ ટીકીટોની જાણકારી તથા યાત્રાની તારીખ સંબંધી માહિતી : તા. ૧૯ અને ૨૦ જુનના (સવારના ૯ થી ૬) ફોન કરીને જાણકારી મેળવી લેવી.

❖ જાન્યુઆરી માટે નામ લખાવનાર યાત્રિકે હમણાં ફોન કરવો નહીં. ૫૦૧ નામ આવી ગયેલ છે.

જાન્યુઆરીની યાત્રા ફુલ થઇ ગયેલ છે

સંપર્ક સૂત્ર

વિમળાબેન સંગોઈ - મો. ૯૬૯૯૮૮૩૬૬૬

ચંદ્રકાંત રાંભીયા - મો. ૯૯૭૫૬૬૨૨૫૯

(CLB-7640)

લિ. પ્રફુલ્લ દામજી ગાલા (પ્રમુખ) મો. ૯૩૨૧૬૪૬૪૯૪

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

સેવા સમાજના 'શુભેચ્છક દાતા'

તા. ૧૯ જુન માટે સ્વ. માતુશ્રી સાકરબેન નાનજી ધારશી કુંવરજીના સ્મરણાર્થે સુપુત્ર વિજય, સુપુત્રી ચંદન, કુંજન, પુત્રવધુ, પ્રિતી અને પૌત્ર નેત્રા અને ઋષભ (માપર) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનું હાર્દિક આભાર માને છે. લગ્ન જન્મ કે પૂણ્યતિથી કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા માટે શ્રી ક.વિ.ઓ. સેવા સમાજની 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા માટે રૂા. ૧૧,૦૦૦ નું (૧૫ વર્ષ) માટે અનુદાન આપી આયકર કલમ ૮૦જીમાં બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(5) -------- **(A-7582)(1-5)**

સેવા સમાજ અનુદાન આભાર

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજની વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓથી પ્રેરાઈને 'સ્વ. શ્રી મોણશી વેરશી દેઢીયા' નાં શતાબ્દી વર્ષ નિમિત્તે 'માતુશ્રી મણીબેન મોણશી વેરશી દેઢીયા' પરીવાર (નાના આસંબીયા) તરફથી રૂા. ૫૧૦૦૦/- નું અનુદાન શૈક્ષણીક લોન ફંડ માટે મળેલ છે તે બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો આભાર માની અભિવંદના કરે છે. લિ. માનદ્ મંત્રીઓ.

1/1/1(79) -------- **(A-7704)(1-5)**

શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ શ્રી જીરાવલ્લા યોગ કેન્દ્ર

વિશ્વ યોગ દિવસ ૨૧-૦૬-૨૦૧૮, ગુરૂવાર.

● વિશ્વ યોગ દિવસની જાહેર ઉજવણી. અગત્યના યોગ આસનો સાથે નિષ્ણાતો દ્વારા વક્તવ્ય.

● વિષય : યોગા શા માટે ?

● દિવસ : ૨૧.૦૬-૨૦૧૮, ગુરૂવાર

● સમય : સવારના ૬.૩૦ કલાકેથી.

● સ્થળ : શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર ઉપાશ્રય, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.) દરેક યોગા પ્રેમીઓને આ કાર્યક્રમમાં પધારવા વિનંતી. લિ. માનદ્ મંત્રીઓ.

1/1/1(1) -------- **(A-7628)(1-5)**

શ્રી મુલુંડ ક.વિ.ઓ. સમાજ શૈક્ષણીક સમિતિ યોજે છે "Board Games"

મિત્રો વેકેશનની મજા માણી લીધી. મગજ ફુલ-પ્રફુલ્લ બની ગયું હશે. બુધ્ધિની ધારને વધુ તેજ કરવા દિલો-દિમાગને તરો તાજા રાખવા હળવાફુલ રહેવા અને સ્વભાવની લાક્ષણીકતાઓ વિકસાવવા માટે 'શૈક્ષણીક સમિતિ' લાવી રહી છે 'Board games'

● Chess, Ludo, Snacks & Ladders જેવી રમતોથી આપ વાકેફ હશો જ. પણ એના સિવાય પણ મગજને તંદુરસ્ત રાખવાની ઘણી રમતો છે. તો થઈ જાઓ તૈયાર મગજ કસવા માટે.

● ટુર્નામેન્ટ દિવસ : ૨૪ જુન ૨૦૧૮

● સમય : Batch 1 (13 to 30 Yrs) 2.30 pm to 4.30 pm, Bactch 2 (31 Yrs & above) 5.00 pm tp 7.00 pm

● Rs. 150/-

● સ્થળ : સંસ્થાનું કાર્યાલય

● મર્યાદિત સંખ્યામાં નામ લેવાના હોવાથી, પોતાના નામ નીચે જણાવેલ વ્યક્તિ પાસે લખાવો. (૧) Viral Kakka (Paytm-9987544919) (૨) શ્રી મુલુંડ ક.વિ.ઓ. સમાજનું કાર્યાલય : સમય : સવારના ૯.૩૦ થી ૧૨.૦૦ અને સાંજના ૩.૩૦ થી ૬.૩૦. લિ. કન્વીનર.

1/1/1(76) -------- **(A-7695)(6-12)**

શૈક્ષણિક

સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ
સોનગઢ રત્નાશ્રમ

સ્વજન એટલે પોતાના લોકો જેમના મૃત્યુ પાછળ આપણે એમના આત્માના કલ્યાણાર્થે દાન-પૂણ્ય કરીએ છીએ. એજ દાન સમાજ ઉપયોગી કાર્યોમાં કરી એતો સ્વજનને શાંતિ મળે રાયણ/ડોંબિવલી (ઈસ્ટ)ના અ.સૌ. સ્વ. ઝવેરબેન ટોકરશી દેવજી ગાલાની તા. ૪/૧૧/૨૦૧૮ના રોજ એમના આત્મશ્રેયાર્થે હસ્તે શ્રી ટોકરશી દેવજી ગાલા એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિ કાયમ કરી જ્યાં સમાજના ધોરણ ૬ થી ૧૨ના ૪૦૮ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર તાલીમ લઈ રહ્યા છે. લિ. પિયુષ ગાલા - કારોબારી સભ્ય-સમાધોધા - ૯૩૨૩૨૫૫૭૭૭

2/1/1(7) -------- **(A-7531)(1-5)**

વિદ્યાર્થીઓ માટે ઉજવલ તક
'ડીજીટલ માર્કેટીંગ કોર્ષ'

શું તમે B.com / BMM / Arts / ડીઝાઈનીંગના ક્ષેત્રે Career બનાવા ઈચ્છો છો ? આજે ગ્લોબલ માર્કેટીંગ જીવનનું એક અંગ બની રહ્યું છે. શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલિત રાજ કોમ્પ્યુટર એકેડમીમાં શીખો Digital Marketing કોર્સ. જો વિદ્યાર્થીઓ આજે આ કોર્સ શીખશે, એ તેમની માટે ખર્ચ અથવા ઘાટો નહીં પણ એક ઈનવેસ્ટમેન્ટ છે જે આગળ જીવનમાં તેમને એક સફળ Career આપશે. નવા બેચીસ શરૂ થવાથી આજે જ એડમીશન માટે સં. ૨૫૪૫૩૮૩૮, ૮૬૫૫૯૨૨૪૨૮. લિ. મંત્રીઓ.

1/1/1(75) -------- **(A-7685)(1-5)**

માત્ર રૂા. ૬૦૦૦નું રોકાણ કરી પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરો રોસ્ટેડ નાસ્તો વેચો

અમારા હવે (૪૧) સેન્ટર શરૂ થઈ ગયા છે. રોસ્ટેડ કારેલા ચેવડો ડાયાબીટીસ માટે ઉત્તમ. રોસ્ટેડ પાણીપુરી સ્ટીક, રોસ્ટેડ, સોયા મકાઈ-ઓટસ-નાચણી-બાજરી વેફર. સ્પે. રોસ્ટેડ ભાવનગરી ગાંઠીયા, રોસ્ટેડ નાચણી મગ સેવ, ભાજની ચકલી. ફ્રી હોમ ડીલીવરી માટે : અનિલભાઈ પુરીવાળા-૯૮૨૦૩૮૬૮૯૫, ૭૨૦૮૬૨૭૮૭૧. વર્ષાઋતુમાં બહારના તેલથી બચો, રોસ્ટેડ નાસ્તો ખાઓ-ખવડાવો-વેંચો.

1/1/1(69) -------- **(B-7661)(1-5)**

"શ્રી પાસડ ભાવિક સંઘ"

! આવતી કાલે : સંઘરૂપે ભોજાય જવા અંગે !

● આપણાં કુળદેવી શ્રી અંબા માતાજીના મંદિરની ત્રીજી ધ્વજા રોહણ પ્રસંગે - મુંબઈથી સંઘરૂપે તા. ૨૦-૬-૨૦૧૮ના (આવતી કાલે) જવા માટે નામ લખાવેલ સૌએ બપોરના ૨ વાગ્યા સુધીમાં સયાજી નગરી એક્સપ્રેસ-દાદર સ્ટેશને સમયસર આવી જવા અને પોત પોતાની બેઠક ગ્રહણ કરી લેવા વિનંતી.

● મુસાફરીમાં (૧) પાણીનું ભરેલું સાધન તથા ઓરીજનલ આઈ કાર્ડ લઈ લેવું (૨) મુસાફરીમાં ભોજન, સવારના નવકારશી તથા ભુજથી ભોજાય વાહનની વ્યવસ્થા છે. સૌએ વોલીંટીયરોને સાથ સહકાર આપવા નમ્ર અનુરોધ. (કોઈના પ્રોગ્રામમાં છેલ્લી ઘડીએ પણ કંઈ ફેરફાર થાય તો તુરંત જાણ કરવી)

● લિ. શ્રી પાસડ ભાવિક સંઘના જય માતાજી.

● સંપર્ક સૂત્ર : શ્રી મહેન્દ્ર સુંદરજી પાસડ-મો. ૯૮૧૯૧૬૩૬૬૬, ૯૮૧૯૪૨૪૨૬૬.

1/1/1(6) -------- **(A-7701)(1-5)**

'સમસ્ત ગોગરી ભાવિકોની સમૂહ પહેડી'
! રૂા. ૨૦૦૦ના લકી દાતા પત્રક !

કુળદેવી પૂ. લાછલ માને નમતાં : કચ્છ કંઠી-અબડાસા-વાગડના સર્વે ભાવિક પરીવારોની ૪૩ મી સમૂહ પહેડી રવિવાર, તા. ૧૨-૮-૨૦૧૮ના હાલારી વાડી (દાદર) મધ્યે યોજવામાં આવેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોએ નોંધ લેવા તથા પહેડી પ્રસાદનો લાભ લેવા સપ્રેમ આમંત્રણ છે.

● પહેડીના વિશાળ આયોજન ખર્ચને પહોંચી વળવા તથા સર્વે ભાવિક પરીવારો-પહેડીના લાભાર્થી બની શકે એ ઉમદા ભાવના સાથે રૂા. ૨૦૦૦ના એક લેખે લકી દાતા પત્રક રાખવામાં આવેલ છે. જેમાંથી ડ્રો કરીને પહેડીમાં વિવિધ લાભ પ્રાપ્ત થશે. ભાવિકોએ વધુ ને વધુ સંખ્યામાં દાતાપત્રક મેળવીને સહયોગી બનવા તથા મા પ્રત્યે પુજ્ય ભાવ દર્શાવવા નમ્ર વિનંતી.

● દાતા પત્રક પ્રાપ્તિ સ્થાન :

● શ્રી હરખચંદભાઈ ગોગરી (ભોરારા) મો. ૯૮૨૦૦૪૮૦૯૦.

● દિપુભાઈ ગોગરી (ટુંડા) મો. ૯૮૯૨૧૭૭૧૧૧.

● શ્રી અમૃતભાઈ ગોગરી (ભોરારા) મો. ૭૯૭૭૩૨૩૭૧૪.

● શ્રી દેવચંદભાઈ ગોગરી (ત્રગડી) મો. ૯૬૧૯૫૯૮૮૪૯, ફો. ૨૪૩૧૫૫૬૭.

● શ્રી નિલેશભાઈ ગોગરી (કપાયા) મો. ૯૩૨૦૧૩૩૨૨૨.

● શ્રી લક્ષ્મીચંદ ગોગરી (પત્રી) મો. ૯૮૩૩૯૨૦૦૫૩.

● શ્રી સચીનભાઈ ગોગરી (ગુંદાલા) મો. ૯૯૨૦૫૮૯૯૫૦.

● શ્રી શાંતિભાઈ ગોગરી (બિદડા) મો. ૯૮૯૨૪૧૪૧૭૧.

● ભાવનાબેન ગોગરી (બિદડા) મો. ૯૮૩૩૩૪૭૬૩૫.

● શ્રી બંસીભાઈ : મો. ૯૮૭૦૦૬૮૭૩૮.

● લિ. ગોગરી ભાવિકો વતી : લક્ષ્મીચંદ ગોગરી (પત્રીવાલા)ના જય માતાજી. મો. ૯૮૩૩૯૨૦૦૫૩.

1/1/1(46) -------- **(A-7626)(1-5)**

શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પુજન નિમિત્તે જીવદયા / અનુમોદના

